RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 212 Dt. 15-2-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## ભારત-US ૨૦૩૦ સુધીમાં ૪૩ લાખ કરોડનો કરશે વેપાર

નવીદિલ્હી, તા..૧૪

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની વાટાઘાટો પછી જાહેરાત કરી હતી કે વોશિંગ્ટન અબજો ડોલરના સૈન્ય પુરવઠાના દબાણના ભાગરૂપે નવી દિલ્હીને ૠ-૩૫ ફાઈટર જેટ પ્રદાન કરવાનો માર્ગ મોકળો કરી રહ્યું છે તે સાથે, ભારત અને યુએસએ ઘણા મુખ્ય ક્ષેત્રોમાં તેમના વ્યૂહાત્મક સંબંધોને વિસ્તૃત કરવા માટે એક મોટી છલાંગ લેવાનું નક્કી કર્યું છે. પીએમ મોદીએ રશિયા-યુક્રેનના સંઘર્ષને ઉકેલવા માટે ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોનું સ્વાગત કર્યું અને ભારતની સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો કે આ સંઘર્ષ વાટાઘાટના ટેબલ પર ઉકેલવો જોઈએ. શ્રી ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેમના પ્રશાસને ૨૦૦૮માં મુંબઈમાં '૨૬/૧૧' આતંકી હુમલાના સંબંધમાં ભારતમાં વોન્ટેડ તહવ્વુર રાણાના પ્રત્યાર્પણનો માર્ગ સાફ કરી દીધો છે. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને આગામી ક્વોડ લીડર્સ સમિટ માટે ભારત આવવા આમંત્રણ આપ્યું. નિવેદન અનુસાર, બંને નેતાઓએ ક્વાડ અને ઈન્ડો-પેસિફિક માટે તેમની પ્રતિબદ્ધતાની પુનઃ પુષ્ટિ કરી છે. ટેરિફના વિવાદાસ્પદ મુદ્દા પર, યુએસ પ્રમુખે કહ્યું કે વોશિંગ્ટન લેવલ પ્લેઈંગ ફિલ્ડ ઈચ્છે છે. વડા પ્રધાન મોદીએ એ પણ હાઈલાઈટ કર્યું કે કેવી રીતે બંને દેશોએ ૨૦30 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણા કરતાં વધુ ૫૦૦ બિલિયન સુધી પહોંચાડવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. મોદી સાથે વ્યાપક વાટાઘાટો કર્યા પછી, ટ્રમ્પે કહ્યું કે વિશ્વની સૌથી જૂની અને સૌથી મોટી લોકશાહીઓ વચ્ચે ''વિશેષ બોન્ડ'' છે અને બંને પક્ષોએ ઊર્જા, જટિલ તકનીકો અને કનેક્ટિવિટી જેવા વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવાનો નિર્ણય કર્યો છે.

ભારત-યુએસ ટ્રસ્ટ (વ્યૂહાત્મક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સંબંધોમાં પરિવર્તન) પહેલ સરકારના નેશનલ ક્રિટિકલ મિનરલ મિશનને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે, જે જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓને વિદેશમાં મહત્વપૂર્ણ ખનિજ સંપત્તિ પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે છે. ૨૦૩૦-૩૧ સુધીના સાત વર્ષના સમયગાળા માટે સરકાર દ્વારા મંજૂર કરાયેલ નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન, રૂ. ૩૪,૩૦૦ કરોડના ખર્ચે દેશની અંદર ક્રિટિકલ મિનરલ્સ રિઝર્વ વિકસાવવાની દરખાસ્ત કરે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મહત્વપૂર્ણ ખનિજો, અદ્યતન સામગ્રી અને ફાર્માસ્યુટિકલ્સની મજબૂત સપ્લાય ચેઈન બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ટ્રસ્ટ પહેલ માટે સંમત થયા છે. વોશિંગ્ટનમાં ટ્રમ્પ-મોદીની બેઠક બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદન અનુસાર, બંને દેશોએ લિથિયમ અને રેર અર્થ જેવા વ્યૂહાત્મક ખનિજો માટે રિકવરી અને પ્રોસેસિંગ પહેલ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.



**સરકારના નેશનલ ક્રિટિકલ મિનરલ મિશનને પ્રોત્સાહન આપવામાં થશે મદદરૂપઃ મહત્વપૂર્ણ ખનિજો, અદ્યતન સામગ્રી અને ફાર્માસ્યુટિકલ્સની મજબૂત સપ્લાય ચેઈન બનાવવા પર સહમતી સાધી**

### બાંગ્લાદેશ મુદ્દાનો ઉકેલ ભારત જ લાવશે : ટ્રમ્પ

વડાપ્રધાન મોદી અને જગત જમાદાર અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે જે બેઠક મળી તેમાં ટ્રમ્પેટ સ્પષ્ટ કહ્યું કે ભારત દક્ષિણ એશિયાની સૌથી મોટી શક્તિ છે. તેથી આસપાસના દેશોની કાળજી લેવાની જવાબદારી ભારતની છે. વિદેશી બાબતોના નિષ્ણાત મારૂફ રઝા કહે છે કે, આપણે અમેરિકા પાસેથી આપણા પડોશી દેશો પર દખલગીરી કે પ્રતિબંધો લાદવાની અપેક્ષા ન રાખવી જોઈએ. બાંગ્લાદેશ આપણો પાડોશી છે, અમેરિકા નહીં. તેથી, બાંગ્લાદેશની અંદર જે પણ થઈ રહ્યું છે તેનો સામનો કરવાની જવાબદારી અમારી છે.

૫મી ઓગસ્ટે બાંગ્લાદેશમાં જે કંઈ પણ થયું તેના પર ભારત સતત મૌન સેવી રહ્યું છે. ચૂંટાયેલી સરકારનો દેશવટો અને વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ જે રીતે ત્યાંની બાબતોને સંભાળી રહ્યા છે તેનાથી અરાજકતા વધી છે. ત્યાંના લઘુમતીઓ પર પણ અત્યાચાર થઈ રહ્યા છે પરંતુ મોદી સરકારે કોઈ ટિપ્પણી કરી નથી.

## મહાકુંભઃ ઉત્તર પ્રદેશની છલકાઇ તિજોરી ત્રણ લાખ કરોડથી વધુ આવકની શક્યતા

### ૫૦ કરોડથી વધુ લોકોએ મહાકુંભનો લીધો લાભ : દરોજ બની રહ્યા છે નવા રેકોર્ડ

નવીદિલ્હી, તા. ૧૪

મહાકુંભમાં મોટો રેકોર્ડ બન્યો છે. શુક્રવારે સ્નાન કરનારા લોકોની સંખ્યા ૫૦ કરોડને વટાવી ગઈ છે. કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું કે મહાકુંભમાં દરરોજ એક નવો રેકોર્ડ બની રહ્યો છે. આ પોતાનામાં એક વર્લ્ડ રેકોર્ડ છે. સવારે નવ વાગ્યે સેક્ટર ૪માં રામઘાટ ઘાટ, સેક્ટર ૭માં ભારદ્વાજ ઘાટ અને સેક્ટર ૯માં ગંગેશ્વર ઘાટ પર ૩૦૦ થી ૫૦૦ લોકોએ એક સાથે ગંગાની સફાઈ કરી હતી. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમના પત્ની અમૃતા ફડણવીસ સાથે શુક્રવારે અહીં સંગમમાં શ્રદ્ધાથી ડૂબકી લગાવી અને ગંગાની આરતી કરી. ''હું ખૂબ જ ખુશ છું કે હું મારા પરિવાર સાથે મહાકુંભમાં આવી શક્યો,'' મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે તેમની પત્ની સાથે સંગમમાં સ્નાન કર્યા પછી પત્રકારોને કહ્યું. તેમણે કહ્યું, આ વખતે મહાકુંભ યોગના ૧૪૪ વર્ષ લઈને આવ્યો છે અને આવા યોગમાં અમને સંગમમાં સ્નાન કરવાનો મોકો મળ્યો. હું ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને અહીંની સુંદર વ્યવસ્થા માટે અભિનંદન આપવા માંગુ છું. અહીં એક નવો ઈતિહાસ અને નવો રેકોર્ડ બની રહ્યો છે.




ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શુક્રવારે કહ્યું કે મહાકુંભના આયોજનથી રાજ્યની અર્થવ્યવસ્થામાં લગભગ ૩ લાખ કરોડ રૂપિયાનો વધારો થવાની અપેક્ષા છે. યોગીએ કહ્યું કે મહા કુંભ માત્ર આસ્થાનો મહાન તહેવાર નથી, પરંતુ તે ઉત્તર પ્રદેશની અર્થવ્યવસ્થા માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે અનુમાન લગાવ્યું હતું કે આ ઈવેન્ટથી ઉત્તર પ્રદેશની અર્થવ્યવસ્થામાં લગભગ ૩ લાખ કરોડ રૂપિયાનો વધારો થશે. પ્રયાગરાજમાં ચાલી રહેલા મહા કુંભ સંગમમાં અત્યાર સુધીમાં રેકોર્ડ ૫૦ કરોડ લોકો ડૂબકી મારી ચૂક્યા છે અને આવનારા સમયમાં મહાકુંભની વ્યવસ્થાનો કેસ સ્ટડી તરીકે અભ્યાસ કરવામાં આવશે. કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે શુક્રવારે અહીં તેમના નિવાસસ્થાને મીડિયા સાથેની અનૌપચારિક વાતચીતમાં મહાકુંભમાં રેકોર્ડ બનાવવાના પ્રશ્ન પર આ વાત કહી. તેમણે કહ્યું કે મહાકુંભમાં દરરોજ નવો રેકોર્ડ બની રહ્યો છે. જે રીતે મહાકુંભમાં અત્યાર સુધીમાં ૫૦ કરોડથી વધુ લોકો મહાકુંભમાં આવ્યા છે અને સંગમમાં ડૂબકી લગાવી ચૂક્યા છે. આ પોતાનામાં એક વર્લ્ડ રેકોર્ડ છે.

## નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશ કુમારનું નામ રેસમાં આગળ

### બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન મેઘવાલ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી હાજર રહેશે. : સર્ચ પેનલે ૪૮૦ થી વધુ ઉમેદવારોમાંથી પાંચ નામ સૂચવ્યા

નવીદિલ્હી, તા. ૧૪

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર ૧૮ ફેબ્રુઆરીએ નિવૃત્ત થવાના છે. નવા મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી કરવા માટે ૧૭ ફેબ્રુઆરીએ મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્ઞાનેશ કુમારનું નામ રેસમાં સૌથી આગળ છે. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન મેઘવાલ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી હાજર રહેશે. સર્ચ પેનલે ૪૮૦ થી વધુ ઉમેદવારોમાંથી પાંચ નામ સૂચવ્યા છે. ચાલો હવે જાણીએ કે જ્ઞાનેશ કુમાર કોણ છે જે સીઈસી પદની રેસમાં સૌથી આગળ છે. ૧૯૮૮ બેચના કેરળ કેડરના ઈઅજ અધિકારી જ્ઞાનેશ કુમાર ગયા વર્ષે ૩૧ જાન્યુઆરીએ સહકારી સચિવ તરીકે નિવૃત્ત થયા હતા. કુમાર અગાઉ કેન્દ્રમાં સંસદીય બાબતોના સચિવ હતા અને ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કરવા દરમિયાન ગૃહ મંત્રાલયમાં વધારાના સચિવ તરીકે પણ સેવા આપી રહ્યા હતા. તેમણે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ ૨૦૧૯નો મુસદ્દો બનાવવામાં પણ વિશેષ ભૂમિકા ભજવી હતી. મે ૨૦૨૧ માં, કુમારને સંસદીય બાબતોના મંત્રાલયના સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. બાદમાં તેમણે મે ૨૦૨૨માં કેન્દ્રીય સહકાર મંત્રાલયના સચિવની ભૂમિકા સંભાળી, જેની દેખરેખ અમિત શાહ પણ કરે છે. આ ઉપરાંત, તેમણે સંસદીય બાબતોના મંત્રાલયના સચિવનો વધારાનો હવાલો પણ સંભાળ્યો હતો. સહકાર મંત્રાલયમાં તેમના કાર્યકાળ દરમિયાન, કુમારે મલ્ટિ-સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઝ (એમએસસીએસ) (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ લાગુ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કુમારે યુપીએ સરકાર દરમિયાન ૨૦૦૭ થી ૨૦૧૨ સુધી સંરક્ષણ મંત્રાલયમાં સંયુક્ત સચિવ તરીકે સેવા આપી હતી.

૨૭ જાન્યુઆરી ૧૯૬૪ના રોજ ઉત્તર પ્રદેશમાં જન્મેલા કુમારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, કાનપુરમાંથી સિવિલ એન્જિનિયરિંગ કર્યું હતું. વધુમાં, તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં પોસ્ટ-ગ્રેજ્યુએશનની ડિગ્રી અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ્સ ઑફ ઈન્ડિયા (ICFAI)માંથી ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસિસમાં પ્રમાણપત્ર મેળવ્યું. જ્ઞાનેશ કુમારના પિતા ડોક્ટર હતા અને તેમના દાદા સ્વતંત્રતા સેનાની હતા. અગાઉ મુખ્ય ચૂંટણી કમિશનરે ભારતના મુખ્ય ન્યાયાધીશને પણ પોતાની પેનલમાં સામેલ કર્યા હતા. પરંતુ ૨૦૨૩ના કાયદામાં CJIને બહાર રાખવામાં આવ્યા હતા અને એક કેન્દ્રીય મંત્રીને પેનલના સભ્ય બનાવવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ IAS અધિકારીઓ જ્ઞાનેશ કુમાર અને સુખબીર સંધુની નવા કાયદા હેઠળ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની પસંદગી પેનલ દ્વારા ૨૦૨૪ માં ઊઈ તરીકે નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હતી.

## ભારત- બાંગ્લાદેશ વચ્ચે આવતા સપ્તાહમાં દ્વિપક્ષીય બેઠક

### BSF જવાનો અને નાગરિકો પર હુમલા જેવા મુદ્દાઓ પર થશે ચર્ચા : ભારત તરફથી બીએસએફના ડીજી દલજીત સિંહ ચૌધરી ભાગ લેશે

નવીદિલ્હી, તા. ૧૪

ભારત અને બાંગ્લાદેશના સરહદી દળો વચ્ચે આવતા અઠવાડિયે દ્વિવાર્ષિક ચર્ચા થવા જઈ રહી છે. જેમાં બોર્ડર પર ફેન્સીંગનું નિર્માણ, બાંગ્લાદેશી બદમાશો દ્વારા BSF જવાનો અને નાગરિકો પર હુમલા જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. ગયા વર્ષે ઓગસ્ટમાં શેખ હસીના સરકારના પતન પછી બંને દેશો વચ્ચે આ પ્રથમ ટોચના સ્તરની બેઠક હશે.

ભારત તરફથી બીએસએફના ડીજી દલજીત સિંહ ચૌધરી ભાગ લેશે. બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (BGB) પ્રતિનિધિમંડળનું નેતૃત્વ જનરલ મોહમ્મદ અશરફઝમાન સિદ્દીકી કરશે. ચર્ચાના વિષયો બાંગ્લાદેશી બદમાશો દ્વારા BSF જવાનો અને ભારતીય નાગરિકો પરના હુમલાઓ, સરહદ પારના ગુનાઓને રોકવા, સિંગલ રો ફેન્સીંગનું નિર્માણ, બાંગ્લાદેશમાં ભારતીય વિદ્રોહી જૂથો સામેની કાર્યવાહી સાથે સંબંધિત હશે. આ સિવાય બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કો-ઓર્ડિનેટ બોર્ડર મેનેજમેન્ટ પ્લાનના અસરકારક અમલીકરણ માટે સંયુક્ત પ્રયાસો અને અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

આ દ્વિવાર્ષિક સંવાદની અગાઉની આવૃત્તિ ગયા વર્ષે માર્ચમાં ઢાકામાં યોજાઈ હતી.

તમને જણાવી દઈએ કે હાલમાં બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર છે. બાંગ્લાદેશમાં આ



વર્ષના અંત સુધીમાં ચૂંટણી યોજાઈ શકે છે.

બાંગ્લાદેશના ચૂંટણી પંચનું કહેવું છે કે ડિસેમ્બર સુધીમાં ચૂંટણી કરાવવાની તૈયારી ચાલી રહી છે. બીજી તરફ પીએમ મોદીએ પોતાની અમેરિકા મુલાકાત દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ બાંગ્લાદેશનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેના પર ટ્રમ્પે કહ્યું કે હું બાંગ્લાદેશનો નિર્ણય પીએમ મોદી પર છોડી દઉં છું. ટ્રમ્પે બાંગ્લાદેશમાં ચાલી રહેલા સંકટમાં યુએસ સરકારની કોઈપણ ભૂમિકાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. ડીજી દલજીત સિંહ ચૌધરી આ કોન્ફરન્સમાં ઇજ્ઞ્ક પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. બાંગ્લાદેશ BGB પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ડિરેક્ટર જનરલ મેજર જનરલ મોહમ્મદ અશરફઝમાન સિદ્દીકી, OSP, BSP, SUP, BGBM, NDC, PSC, MPhil કરશે. આ કોન્ફરન્સ સીમા વ્યવસ્થાપન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા અને બંને સીમા સુરક્ષા દળો વચ્ચે વધુ સારા સંકલન માટે આયોજિત કરવામાં આવી છે. કોન્ફરન્સ દરમિયાન, બાંગ્લાદેશના બેકાબૂ તત્વો/નાગરિકો દ્વારા BSF જવાનો અને ભારતીય નાગરિકો પરના હુમલાઓ અટકાવવા, સરહદી ગુનાઓ અટકાવવા, સિંગલ રો ફેન્સીંગનું નિર્માણ અને બાંગ્લાદેશમાં ભારતીય વિદ્રોહી જૂથ સામેની કાર્યવાહી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

### સોશિયલ મિડીયાના યુગમાં કોઈની પણ સાથે મિત્રતા કે પ્રેમસંબંધ બાંધતા પહેલા ચેતો

# મોહસીન બન્યો મનોજ: પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મ, નાણા પણ પડાવ્યા

## બે સંતાનની માતા હિન્દુ સમજીને પરણી ગઇ પછી ભાંડો ફુટતા પઠાણ શખ્સે ધર્મપરિવર્તન કરવા દબાણ કર્યું: સમગ્ર કિસ્સો પોલીસ સુધી પહોંચતા કાર્યવાહી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**

**રાજકોટ મિરર, તા. ૧૪**

રાજકોટ: ઈન્ટરનેટ અને સોશિયલ મિડીયાના યુગમાં સગીરાઓ, યુવતિઓ, વિદ્યાર્થીનીઓ અને ક્યારેક પરિણીતાઓને પણ મિત્રતાના નામે ભોળવી પછી પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મ આચરવાના બનાવો રોજબરોજ બનતા રહે છે. આવા કિસ્સા સતત વધી રહ્યા છે. આ વચ્ચે લવજેહાદના કિસ્સા પણ ચર્ચા જગાવતા રહે છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં વિધર્મી યુવાને હિન્દુ નામ ધારણ કરી યુવતિને ફસાવી લીધી હતી. પોતાની ઓળખ બદલી બે સંતાનની માતા એવી યુવતિ સાથે લગ્ન કરી લીધા હતાં પછી પોતાનો ભાંડો ફુટી જતાં આ શખ્સે યુવતિ અને તેના સંતાનોને ધર્મપરિવર્તન કરવા માટે દબાણ કરતાં ચકચાર મચી ગઇ હતી.



હવે સમગ્ર કિસ્સો પોલીસ સુધી પહોંચતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

મિત્રતા અને પ્રેમના નામે ફસાવનારા ઠેકઠેકાણે પડ્યા પાથર્યા રહે છે. જેમાં અમુક તો માત્ર હવસખોરી આચરવા માટે જ પ્રેમના નાટક કરતાં હોય છે. આવા વધુ એક બનાવની વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં નામ અને ધર્મ છુપાવી યુવતીને ફસાવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી ગઇ છે. જેમાં તાંદલજા વિસ્તારમાં રહેતા યુવક મોહસીન દ્વારા પોતાની ઓળખ છુપાવીને તેનું નામ મનોજ હોવાનું કહીને બે સંતાનની માતાને પ્રેમજાળમાં ફસાવી હતી અને તેની સાથે હિન્દુ વિધિ મુજબ લગ્ન પણ કર્યા હતા. લગ્ન બાદ મોહસીનના કાંડનો પર્દાફાશ થતા તેણે યુવતી તથા તેના સંતાનોને ધર્મ પરિવર્તન કરવા માટે દબાણ કર્યું હતું. જો આ વાતની કોઇને જાણ કરીશ તો તને તથા તારા સંતાનોને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. જેથી યુવતીએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તાંદલજા વિસ્તારમાં સનફાર્મા કંપનીની બાજુમાં આવેલા નુરજહાપાર્ક સોસાયટીમાં રહેતા મોહસીન ઐયુબખાન પઠાણ પોતે પરીણિત હોવા છતાં તેણ પોતાની ઓળખ છુપાવી હતી.

આ મોહસીન નામના શખ્સે યુવતિને ફસાવવા માટે પોતાની ઓળખ મનોજ સોની તરીકે આપી હતી અને બાપોદ વિસ્તારમાં રહેતી ત્રેત્રીસ વર્ષીય પરીણિત અને બે સંતાનની માતાને પ્રેમજાળમાં ફસાવી હતી. બે વર્ષ સુધીં મોહસીને યુવતી સાથે વારંવાર શરીર સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ યુવક મુસ્લિમ હોવા છતાં યુવતી સાથે હિન્દુ વિધિ મુજબ લગ્ન કર્યા હતા. દરમિયાન હવે આ યુવતીને મનોજનું નામ મનોજ નહિ પણ મોહસીન પઠાણ હોવાની જાણ થઇ હતી. ત્યારે યુવતીએ આ વાત મોહસીન પઠાણને કહેવા જતા તેણે યુવતી સાથે ઝઘડો કર્યો હતો અને તેને તથા તેના પુત્રોને ધર્મ પરિવર્તન કરવા માટે દબાણ કરવા લાગ્યો હતો. જો તું આ વાતની કોઇને જાણી કરીશ તો તને તથા તારા પુત્રોને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

વધુ માહિતી અનુસાર લગ્ન જીવનન દરમિયાન મોહસીન પઠાણે ખાનગી ફાઇનાન્સ કંપનીમાં યુવતી પાસે રૂ. નેવુ હજારના લોન લેવડાવી હતી. આ ઉપરાંત તેના મિત્રને નામે મોપેડ લીધુ હતુ. જેના હપ્તા પણ યુવતી ભરી રહી છે. મોહસીન પઠાણે યુવતી પાસેથી રોકડ રૂપિયા એક લાખ લઇને પરત નહી આપી છેતરપિંડી આચરી છે. જેથી બે સંતાનની માતાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આમ વધુ એક વખત યુવતિને ફસાવી દૂષ્કર્મ આચરવાનો અને ધર્મપરિવર્તન કરાવવાનો પણ પ્રયાસ થયાનું સામે આવતાં ચકચાર મચી ગઇ છે.

આ કિસ્સો વધુ એક વખત એવી યુવતિઓ, મહિલાઓ માટે લાલબત્તી સમાન છે જે ગમે તેની સાથે પુરતી તપાસ કર્યા વગર મિત્રતા અને પ્રેમમાં પડી જાય છે અને પછી પોતાની જિંદગી બરબાદીના રસ્તે લઇ જાય છે. આ કિસ્સામાં બે સંતાનની માતાના પછવાતાનો હવે કોઇ પાર રહ્યો નથી. પોતે છેતરાઇ ગયાની ખબર પડતાં હવે પોલીસની મદદ લેતાં પોલીસે આ આરોપીને શોધી કાઢવા કાર્યવાહી હાથ ધરી છે. ચેતતા રહો અને આવા લેભાગુઓથી બચતા રહો તેવુ વધુ એક વખત અહિ કહી શકાય.

### જાહેર બાંધકામ પરીક્ષણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિ

# છેલ્લા ૪ વર્ષમાં ગેરીએ ૬.૧૪ લાખથી વધુ નમૂનાઓનું કરાયું સફળ પરીક્ષણ

## પરીક્ષણ દ્વારા રાજ્ય સરકારને રૂા. ૧૮૪ કરોડથી વધુની આવક

રાજકોટ, તા. ૧૪

ગુજરાત ટેકનોલોજી ક્ષેત્રે સતત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે આવનારા દિવસોમાં પણ ટેકનોલોજી અને અધ્યતન સુવિધાઓનો ઉપયોગ કરી વિવિધ ક્ષેત્રમાં ભારત અનેક વિકાસલક્ષી પગલાંઓ હાથ ધરશે તેવું હાલ માનવામાં આવ્યું છે તેને લઈને હાલ વડોદરા ખાતે સ્થિત ગેરી દ્વારા અનેકવિધ પરીક્ષણ કરવામાં આવી રહ્યા છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વડોદરા ખાતે કાર્યરત ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા-ગ્ઊઇઈએ વર્ષ ૨૦૨૧-૨૨ થી એટલે કે છેલ્લા ચાર વર્ષમાં અંદાજે ૬.૧૪ લાખથી વધુ નમૂનાઓનું સફળ પરીક્ષણ કરીને રાજ્યમાં બાંધકામ ક્ષેત્રને વધુ મજબૂત, સુદ્રઢ બનાવવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. આ પરીક્ષણ થકી રાજ્ય સરકારને અંદાજે કુલ રૂ. ૧૮૪ કરોડથી વધુની માતબર રકમની આવક- રેવન્યુ પણ પ્રાપ્ત થઈ છે તેમ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું.

મંત્રી કુંવરજીભાઈએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યમાં વિવિધ જાહેર તેમજ ખાનગી ક્ષેત્રે થતા બાંધકામ કામોના પરીક્ષણ માટે વડોદરાના ગોત્રી સહિત રાજ્યભરમાં વિવિધ પ્રયોગશાળાઓ-લેબ કાર્યરત છે.

આ પ્રયોગશાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૧.૦૩ લાખથી વધુ નમૂનાઓના પરીક્ષણ દ્વારા રૂ. ૩૦ કરોડ , વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૩૩ લાખ પરીક્ષણ થકી રૂ. ૪૨.૭૪ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૧.૮૭ લાખથી વધુ પરીક્ષણ દ્વારા રૂ. ૫૩.૯૩ કરોડ જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં જાન્યુઆરીના અંત સુધીમાં ૧.૯૦ લાખ નમૂનાઓના પરીક્ષણ થકી રૂ. ૫૭.૪૬ કરોડ એમ કુલ ૬.૧૪ લાખથી વધુ પરીક્ષણ દ્વારા રૂ. ૧૮૪ કરોડથી વધુની આવક થઇ છે.

ગેરી દ્વારા આધુનિક ઉપકરણોના માધ્યમથી તેમજ પૂરતા માનવ સંસાધનના પરિણામે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪ સુધીમાં માત્ર અગત્યના માટી પરીક્ષણ, કોંક્રીટ મિક્સ ડિઝાઇન તેમજ આસ્ફાલ્ટ મિક્સ ડિઝાઇનના મળીને કુલ ૯,૨૨૮ સફળ પરીક્ષણ કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૩-૨૩માં ૮૩૧ માટી પરીક્ષણ સામે વર્ષ ૨૦૨૩-૨૪માં ૨,૬૪૬ એટલે ત્રણ ગણા વધુ પરીક્ષણો કરવામાં આવ્યા છે જે જાહેર અને ખાનગી બાંધકામ ક્ષેત્રમાં રાજ્ય સરકાર દ્વારા ગુણવત્તાયુક્ત માળખુ ઉપલબ્ધ કરાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

જાહેર અને ખાનગી બાંધકામની ગુણવત્તા સંબંધિત કરવામાં આવતા વિવિધ પરીક્ષણમાં ગુજરાતે વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. કોઇપણ જાહેર ઇમારત કે બાંધકામનું આયુષ્ય-ટકાઉપણું તેની પાયાની ગુણવત્તાના આધારે જ નક્કી થતું હોય છે.

આ ગુણવત્તા સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત ગેરીની વિવિધ આધુનિક લેબમાં ઈમારતોનું સમયસર યોગ્ય વૈજ્ઞાનિક પદ્ધતિસરનું પરીક્ષણ કરવામાં આવે છે.

મુખ્યમથક વડોદરા સહિત ગેરી અંતર્ગત રાજ્યભરમાં કુલ ૨૪ આધુનિક પ્રયોગશાળાઓ કાર્યરત છે.

# સૌ. યુનિનું રાષ્ટ્રીયકક્ષાએ ગૌરવ વધારતા રીતુ વાજા

## જુડોની રમતવીર રીતુ વાજાએ ઉતરાખંડમાં ચાલી રહેલા ૩૮ મા રાષ્ટ્રીય રમતોત્સવમાં જુડો રમતમાં સીલ્વર મેડલ જીત્યો





રાજકોટ, તા. ૧૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જુડોની રમતવીર રીતુ વાજાએ ઉતરાખંડમાં ચાલી રહેલા ૩૮ મા રાષ્ટ્રીય રમતોત્સવમાં જુડો ટીમ રમતમાં સીલ્વર મેડલ જીત્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે આ ગૌરવની વાત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ રીતુ વાજાની આ સિધ્ધિ બદલ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ નેશનલ ગેમ્સમાં ભારતભરની યુનિવર્સિટીઓના રમતવીરોએ ભાગ લીધો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશી આ તકે જણાવ્યું હતુ કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યરત છે. શિક્ષણ-સંશોધનની પ્રવૃત્તિઓ સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને રમત-ગમત ક્ષેત્રમાં અગ્રેસર લઈ જવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગના નિયામક, શારીરિક શિક્ષણના અધ્યાપકો તથા કોચ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શીત પુરુ પાડવામાં આવે છે. રમત-ગમતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ ઉંચી ઉડાન ભરી છે અને અનેક વિદ્યાર્થીઓએ મેડલ્સ જીતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. કુલપતિએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આગામી સમયમાં ઓલમ્પિક જેવી રમતોમાં ભાગ લઈ દેશનું નામ ઉજાગર કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. તાજેતરમાં જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ઘરઆંગણે રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધામાં ચેમ્પિયન બની અને દેવ્યાનીબા ઝાલાએ એથ્લેટિક્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે જે ગૌરવપૂર્ણ વાત છે. કુલપતિએ રીતુ વાજા તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશભાઈ રાબાને અભિનંદન પાઠવ્યા હતા. અન્ય યુનિવર્સિટી ની જેમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પણ ખેલકૂદ ક્ષેત્રે વિદ્યાર્થીઓને પૂરતું પ્રોત્સાહન મળી રહે તે માટેની ખાસ પોલીસી પર કામ કરી રહ્યું છે ત્યારે આગામી દિવસોમાં માત્ર ભણતર જ નહીં પરંતુ રમતગમત ક્ષેત્રે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે અને ટોચનું સ્થાન પ્રાપ્ત કરે તે માટે હાલ ખેલકૂદ ક્ષેત્રે યુનિવર્સિટી દ્વારા વધુ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને તે દિશામાં સંબંધિત વિભાગના પ્રજ્ઞા પકોને પણ સૂચિત કરવામાં આવ્યા છે કે કોઈપણ વિદ્યાર્થીને રમતગમત ક્ષેત્રે રસ હોય તો તેઓને પ્રોત્સાહન આપવામાં આવે જેથી તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની સાથોસાથ પોતાના રાજ્યનું નામ પણ રોશન કરી શકે.

### ગુનેગારો ફાટીને ધૂમાડે: ચોરી, લૂંટ, ચિલઝડપ, હત્યા, હત્યાની કોશિષના ગુનાઓની ભરમાર

# હાહાકાર: પતિને બાંધી દઇ પત્નિ પર સામુહિક બળાત્કાર, લૂંટ

## મધરાતે ત્રાટકેલા બે લૂંટારા સીસીટીવી કેમેરામાં કેદ થયા: ખળભળાટ મચાવતી ઘટનાનમાં દરેક એંગલ તપાસતી પોલીસ: ભેદ ઉકેલવા ટીમો કામે લાગી અને સફળતા મળી: એક શૈતાન ઝડપાયો, બેની શોધખોળ

રાજકોટ: રાજ્યભરમાં ચોરી, લૂંટ, અપહરણ, બળાત્કાર, હત્યા, હત્યાની કોશિષ સહિતની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક ઘરમાં ત્રાટકેલા લૂંટારૂઓએ લૂંટ તો ચલાવી જ હતી સાથે સાથે ઘરમાં રહેલા દંપતિમાંથી પતિને બંધક બનાવી તેની પત્નિને અગાસી પર લઇ જઇ દૂષ્કર્મ આચરી લેતાં ખળભળાટ મચી ગયો છે. બે શકમંદ સીસીટીવી કેમેરામાં કેદ થયા હોઇ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઘટનાને કારણે રાજ્યભરમાં ચકચાર મચી ગઇ છે. આ પ્રકારની ગુનાખોરી આચરતાં જુના ગુનેગારોની યાદી મેળવવા પોલીસ કામે લાગી છે. ગેંગરેપ વિથ રોબરીની આ ઘટનાનો ભેદ ઉકેલવા પોલીસ અલગ અલગ ટીમો બનાવની કામે લાગી હતી. જેને સફળતા મળી હતી. એક શૈતાનને ભાવનગરથી પકડી લીધો હતો. બીજા બેની શોધખોળ થઇ રહી છે.

ચોંકાવનારી અને ચકચાર જગાવનારી ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવ સુરતના પુણા વિસ્તારમાં એક ગેંગરેપ વિથ રોબરીની ઘટના બની હોવાથી ચકચાર મચી જવા પામી છે. બે અજાણ્યા યુવકો ઘરમાં ઘૂસી ગયા હતા અને ચપ્પુની અણીએ ઘરમાં લૂંટ ચલાવી હતી ત્યારબાદ પતિને બંધક બનાવી યુવતી પર ગેંગરેપ આચર્યું હતું. આ અંગે પુણા પોલીસને જાણ





કરવામાં આવતા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ આદરી હતી. આ અંગે ઉચ્ચ અધિકારીઓ એસીપી અને ડીસીપી સહિતના પણ દોડી ગયા હતા અને તપાસ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસે તપાસ કરતા એક સીસીટીવીમાં બે શંકાસ્પદ કેદ થઈ ગયા હોઇ તેના આધારે તપાસ આરંભાઇ છે. પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર મળતી પુણા વિસ્તારમાં આવેલા ગીતાનગરમાં એક મકાનમાં રાતે દંપતી ઘરે હાજર હતું. દરમિયાન બે અજાણ્યા ઈસમો ઘરમાં ઘૂસી પતિને બંધક બનાવી લીધો હતો અને ચપ્પુની અણીએ ઘરમાં લૂંટ ચલાવી હતી. એટલું જ નહીં પણ લૂંટ ચલાવ્યા બાદ ઘરમાં બંધક બનાવવામાં આવેલી યુવતી પર ગેંગરેપ આચરવામાં આવ્યું હતું.

પતિને નીચે બંધક બનાવી પત્નીને ધાબા પર લઈ જઈ બંને યુવકે વારાફરતી ગેંગરેપ આચરતાં યુવતિ હતપ્રભ થઇ ગઇ હતી. બળાત્કાર ગુજારી લૂંટ ચલાવી બંને શૈતાન ફરાર થઈ ગયા હતા. આ અંગે સવારે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પુણા પોલીસ દ્વારા આ ઘટનાને ગંભીરતાથી લઈને તપાસ કરવામાં આવી છે. ડીસીપી આલોક કુમારે ઘટના વિશે જણાવ્યું હતુ કે, બે ઇસમો દ્વારા લૂંટ અને ગેંગરેપની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. ભોગ બનેલી યુવતીના જણાવ્યા પ્રમાણે એક સિલ્વર બ્રેસલેટ અને ૩૦ હજારની ચપ્પુની અણીએ લૂંટ કરી હતી ત્યારબાદ ગેંગરેપ આચરવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે સાથે મળીને સીસીટીવી સહિતના આધારે તપાસ હાથ ધરવામાં આવી છે. આ સાથે જ આરોપીઓને ઝડપથી ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પતિ-પત્નિ બંને ઘરમાં હાજર હતા ત્યારે રાત્રે ત્રણ વાગ્યા આસપાસ બંને અજાણ્યા શખ્સો ઘરે ઘૂસી આવ્યા હતા અને ચપ્પુની અણીએ પતિને બંધક બનાવી લીધો હતો.

બીજી તરફ નીચે પતિને બંધક રાખ્યો હતો અને ધાબા પર પત્નિને લઈ ગયા હતા અને બંને યુવકોએ વારાફરતી ગેંગરેપ આચર્યું હતું. આ સાથે જ જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હતી. જેથી પતિ પત્નિ ડરી ગયા હતા અને સવારે હિંમત કરીને ફરિયાદ નોંધાવા આવ્યા હતા. લૂંટ સાથે ગેંગરેપની ઘટના બનવાના પગલે પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. આ સાથે જ ઉચ્ચ અધિકારીઓ સહિતના એ તપાસ કરી હતી. આ સાથે જ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી પણ ઘટના સ્થળે દોડી ગયા હતા અને આ મામલે તપાસ હાથ ધરવામાં આવી રહી હતી. સીસીટીવીમાં બે શંકાસ્પદ પણ કેદ થઈ ગયા હોઇ તેની શોધખોળ શરૂ થઇ હતી અને આરોપી સુધી પોલીસ પહોંચી ગઇ હતી.

### ભાવનગરનો નિકુંજ ઉર્ફે બૂલેટ ઝડપાયો: ત્રણ વાર મહિલા સાથે બળજબરી આચરી: હરામખોરોએ વિડીયો પણ બનાવ્યો!

**બીજા બે આરોપી અમિત ઉર્ફે રઘુ રોકડા અને દિનેશ ઉર્ફે છોટુની શોધખોળ: રાતે પોલીસના નામે દરવાજો ખખડાવી ઘરમાં ઘુસી ગયા'તા**

રાજકોટ: ચોંકાવનારી આ ઘટનામાં પોલીસે સીસીટીવીને આધારે તપાસ હાથ ધરી મુખ્ય આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્યની શોધખોળ થઇ રહી છે. રાત્રે બે કલાકના સમયમાં હવસખોરોએ મહિલા પર ત્રણવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. જેમાં મુખ્ય આરોપી દ્વારા બેવાર હવસ સંતોષવામાં આવી હતી. જેથી મહિલાના પ્રાઈવેટ પાર્ટમાં ઈજાઓ પણ થઇ હતી. પોલીસે જણાવ્યા અનુસાર ભોગ બનનાર દંપતિ મુળ ભાવનગરનું વતની છે. રાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં ત્રણ શખસે તેમના મકાનનો દરવાજો ખખડાવ્યો હતો. દંપતીએ કોણ છે એમ પૂછતાં આ બદમાશોએ પોલીસ હોવાનું જણાવ્યું હતું, જેથી પતિએ દરવાજો ખોલ્યો હતો. દરવાજો ખોલતાં જ મોઢા પર બુકાની બાંધેલા ત્રણ બદમાશ ચપ્પુ લઇને ઘરમાં ઘૂસી ગયા હતા અને પતિને ચપ્પુ બતાવી મારી નાખવાની ધમકી આપી હતી.ચોંકાવનારી વિગતો અનુસાર એક બદમાશે દુપટ્ટા વડે પતિને બાંધી દીધો હતો, અન્ય બે પત્નિને ઢસડીને ઉપર ધાબા પર લઇ ગયા હતા. પત્નિએ છોડી દેવા માટે કાકલુદી કરી હતી, પણ આ હવસખોરોએ વારાફરતી દુષ્કર્મ ગુજાર્યું હતું. આરોપી નિકુંજ ઉર્ફે ડથ્થર ઉર્ફે બુલેટ ભીંગરાડિયાએ એકવાર દુષ્કમ આચરી લીધા બાદ ફરી મહિલા પર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો અને વીડિયો પણ બનાવ્યો હતો. ત્યાર બાદ તે બન્ને નીચે આવ્યા હતા અને બાદમાં જતી વખતે બે સોનાના બ્રેસ્લેટ અને રોકડ રૂ.૩૦,૦૦૦ની મતાની લૂંટ ચલાવી નાસી ગયા હતા. પોલીસે આ મામલે અમિત ઉર્ફે રઘુ રોકડા, નિકુંજ ભીંગરાડિયા અને દિનેશ ઉર્ફે છોટુની ઓળખ કરી લીધી હતી. આ સાથે જ આરોપી ભાવનગર તરફ ભાગ્યા હોવાની જાણ થતાં ડીસીપી ઝોન ૧ની ટીમ ભાવનગર રવાના કરવામાં આવી હતી. ત્યાંથી સુત્રધાર નિકુંજ ભીંગરાડિયાને દબોચી લીધો હતો. ભોગ બનનાર દંપતીનાં ત્રણ વર્ષ પહેલાં જ લગ્ન થયાં હતાં. આ વિસ્તારના કારખાનામાં જ નોકરી કરતા હોવાથી ભાડે મકાન રાખીને રહેતાં હતાં. પોલીસ સમક્ષ ભોગ બનનારે આપેલા નિવેદનમાં જણાવ્યું હતુ કે બે હવસખોર પૈકીનો એક અગાઉ તેમના વિસ્તારમાં દેખાયો હતો. હવસખોરો પરિણીતાને ખેંચીને ધાબા પર લઇ ગયા હતા. ત્યારે તેણે બૂમો પણ પાડી હતી. જોકે આ વિસ્તારમાં માત્ર ત્રીસ ટકા જ રહેણાક હોવાથી અને કારખાના પાસે હોવાથી તેની બૂમો કોઇને સંભળાઈ નહોતી. ઝડપાયેલાને પોલીસે બરોબરનો ખોખરો કર્યો હતો.

પ્રેમના પર્વની ઉજવણી દરમિયાન લવલફરાને કારણે વધુ એક વખત લોહી રેડાયું

# ઠપકો મળતાં યુવાને પુર્વપ્રેમિકાના કાકાને ક્રુરતાથી રહેંસી નાંખ્યા

## બૂલેટ લઇ ઘર પાસે સતત આટાફેરા કરતો હોઇ યુવતિના કાકાએ ઠપકો દેતાં પ્રેમી રોષે ભરાયો અને હત્યા કરી નાંખી



રાજકોટઃ લવલફરાને કારણે હત્યા, આત્મહત્યા, અપહરણ, મારામારી સહિતની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. આવા કારણોસર વધુ એક ચોંકાવનારી હત્યાની ઘટના બની છે. જેમાં એક શખ્સે પુર્વ પ્રેમિકાના કાકાને ક્રુરતાથી રહેંસી નાંખ્યા છે. અવાર-નવાર આ શખ્સ પુર્વ પ્રેમિકાના ઘર પાસેથી બૂલેટ લઇને નીકળતો હોઇ તે બાબતે તેને આ યુવતિના કાકાએ ટપારતાં તે રોષે ભરાયો હતો અને ચપ્પુથી તૂટી પડી હત્યા નિપજાવી ભાગી ગયો હતો. આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે. પોલીસે હત્યારાને શોધી કાઢવા દોડધામ શરૂ કરી હતી.

પ્રેમના પર્વ વેલેન્ટાઇન વીક વચ્ચે પ્રેમપ્રકરણને કારણે બનેલી હત્યાની ચોંકાવનારી ઘટના પર નજર કરીએ તો અમદાવાદના સરખેજ વિસ્તારમાં મોડીરાતે યુવકની ઘાતકી હત્યા કરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. યુવકે પૂર્વ -મિકાના કાકાની છરીના ઘા ઝીંકીને હત્યા કરી હતી. યુવક તેના સાળાના ઘરે પ્રસંગમાં આવ્યો ત્યારે તે પૂર્વ પ્રેમિકાના ઘરે બુલેટ લઇને અવારનવાર પસાર થતો હતો અને હોર્ન મારતો હતો. પ્રેમિકાના કાકાએ યુવકને ઠપકો આપ્યો ત્યારે મામલો બીચક્યો હતો અને છરીના ઘા ઝીંકી દીધા હતા. શહેરમાં બે દિવસમાં ત્રણ હત્યાના બનાવ બન્યા છે.

વધુ માહિતી જોઇએ તો સરખેજ વિસ્તારમાં આવેલી મસ્તાન બવાની દરગાહ સામે કુંભારવાસમાં રહેતા હસન સુમરાએ સરખેજ પોલીસ સ્ટેશનમાં મુસ્તાક સુમરા (રહે, કુંભાર વાસ, સરખેજ) વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. હસન સુમરા સંયુક્ત પરિવારમાં રહે છે અને વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા જય બજરંગ કાર સ્પા નામથી કાર વોંશીગનો ધંધો કરે છે. હસન સાથે તેના પિતા ઈસ્માલ, માતા જુબેદા, ભાઇ ઈલીયાસ અને પત્નિ મુસ્કાન રહે છે. ગઇકાલે રાતે હસન પોતાનું કામ પતાવીને ઘરે આવ્યો હતો અને જમી પરવાનીને ઘરની બહાર આવેલા પાનના ગલ્લા પાસે બેઠો હતો. આ સમયે હસનનો ભાઇ ઈલીયાસ તેમજ પડોશમાં રહેતી સાબીરના ગલ્લા પાસે બેઠા હતા. દરમિયાનમાં મુસ્તાક સુમરા આવ્યો હતો. મુસ્તાક સુમરા અને હસનના પરિવાર વચ્ચે મનદુખ ચાલતુ હતું. મુસ્તાક સુમરાને ઈલીયાસની નજીકની સંબંધીની દીકરી સાથે અનૈતિક સંબંધ હતા જેને લઇને દુશ્મનાવટ ચાલુ હતું.

દરમિયાન મોડીરાતે મુસ્તાક ત્રણ ચાર વખત બુલેટ લઇને હસનના ઘર પાસેથી નીકળ્યો હતો અને હોર્ન મારવા લાગ્યો હતો. દરમિયાનમાં ઈલીયાસે બુમ પાડીને મુસ્તાકને ઉભા રહેવાનું કહ્યું હતું. મુસ્તાકે બુલેટ ઉભા રાખતા ઈલીયાસે ઠપકો આપ્યો હતો કે, અમારા ઘર પાસેથી બુલેટ લઇને નીકળવું નહીં અને હોર્ન મારવો નહીં. ઈલીયાસની વાતથી મુસ્તાક એકાએક ગુસ્સે ભરાયો હતો અને બુલેટ પાર્ક કરીને ઉતર્યો હતો. મુસ્તાકે ઈલીયાસને ગાળો આપવાની શરૂ કરી દીધી હતી. ઈલીયાસે ગાળો નહીં બોલવાનું કહ્યું હતું અને નજીક આવી રહેલા મુસ્તાકને ધક્કો મારી દીધો હતો. આ કારણે બન્ને વચ્ચે બબાલ થતાં અડોશ પડોશના ઝઘડો શાંત કરાવવા માટે વચ્ચે પડ્યા હતા. દરમિયાનમા મુસ્તાકે તેની પાસે રહેલી છરી કાઢી હતી અને ઈલીયાસના છાતીમાં મારી દીધી હતી. ઈલીયાસ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો ત્યારે હસન સહિતનો પરિવાર દોડી આવ્યો હતો.

લોહીલુહાણ હાલતમાં ઈલીયાસને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ ગયા હતા જ્યા તબીબોએ તેને સોલા સિવિલ હોસ્પિટલમાં લઇ જવાનું કહ્યું હતું. ઈલીયાસને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સોલા સિવિલ હોસ્પિટલમાં લઇ ગયા હતા જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ સરખેજ પોલીસને થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા જ્યારે ઉચ્ચ અધિકારીઓ પણ આવી પહોંચ્યા હતા.

સરખેજ પોલીસે મુસ્તાક સુમરા વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. ઈલીયાસના પડોશમાં અરમાન સુમરા રહે છે અને મુસ્તાક તેનો બનેવી થાય છે. મુસ્તાકને ઈલિયાસની નજીકની સંબંધીની દીકરી સાથે અનૈતિક સંબંધ હતા. જેને લઇને બન્ને પરિવાર વચ્ચે વિવાદ થયો હતો. અરમાનના ઘરે પ્રસંગ હોવાથી તેની બહેન નાજુ અને બનેવી મુસ્તાક પણ આવ્યા હતા. યુવતી સાથેનો સંબંધ તૂટી જવાના કારણે મુસ્તાક ઈલીયાસ તેમજ હસન સાથે અદાવત રાખીને બેઠો હતો. ગઇકાલે જાણી જોઇને મુસ્તાક બુલેટ લઇને ઈલીયાસના ઘર પાસેથી નીકળ્યો હતો અને હોર્ન મારી રહ્યો હતો.

ઘવાયેલા ઈલીયાસે મુસ્તાકને ઠપકો આપતા અંતે મામલો બીચક્યો હતો. ઈલીયાસ સાથે બબાલ થઇ અને મુસ્તાકે તેની છાતીમાં છરીના ઘા ઝીંકી દીધા હતા. છરી વાગતાની સાથે જ ઈલીયાસ જમીન પર ઢળી પડ્યો હતો જ્યારે મુસ્તાક ત્યાજ ઉભો રહ્યો હતો. મુસ્તાકને પોલીસ પકડી ના જાય તે માટે તેની પત્ની નાજ અને સાળો અરમનાર દોડી આવ્યા હતા.

નાજ પતિ મુસ્તાકને હાથ પકડીને પોતાના ઘરમાં લઇ ગઇ હતી, જ્યારે ઈલીયાસને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને તબીબોએ મૃત જાહેર કરતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# કતલની રાત

## કાલે મતદાન : મતનો પ્રવાહ ભાવિ દિશા નક્કી કરશે



બહુ ગજેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું આવતીકાલે મતદાન થવાનું છે. રાજકોટ જિલ્લાની પાંચ પાલિકાઓ ભાયાવદર, જસદણ, જેતપુર, ધોરાજી, ઉપલેટામાં જબ્બર રોમાન્સ છવાયો છે. મતદાન પૂર્વેની રાત્રી કતલની રાત ગણાતી હોય છે. આજે ઘણા ઉમેદવારો કતલની વેતરણમાં હશે. જોકે સર્વત્ર ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે.

ચૂંટણી લોકશાહીનું મહાપર્વ ગણાય છે. નાગરિકોના મતદાનના આધારે ગામથી માંડીને દેશના શાસકો નક્કી થતા હોય છે. આ દ્રષ્ટિએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીને હળવાશથી લેવાને બદલે ગંભીર ગણવી જોઈએ. ભારતમાં મોટાભાગે મતદાન પારિવારિક ભાવ કે જ્ઞાતિ સમાજને ભાવથી થતું હોય છે. વાસ્તવમાં સમાજ હિત અને રાષ્ટ્રના હિતમાં દ્રષ્ટિકોણથી મતદાન થવું જોઈએ.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાનના પ્રવાહો ગુજરાતની રાજનીતિ ભાવિ દિશા નક્કી કરશે. ગુજરાતમાં રાજકીય દ્રષ્ટિએ વિચારીએ તો રાજ્યમાં ભાજપ સર્વત્ર છવાયેલો છે. આ પક્ષ પાસે વિશાળ નેટવર્ક અને નિશ્ચિત રણનીતિ છે. જોકે ગુજરાતમાં ૩૦ વર્ષથી ભાજપ શાસનમાં હોવાથી સ્વાભાવિક રીતે જ શાસન વિરોધી લાગણી છવાતી હોય છે.

ગુજરાતમાં વિપક્ષ માટે સ્ટ્રોંગ મુદ્દાઓ બરાબર છે. ચૂંટણીઓમાં કોંગ્રેસને તાકાત દેખાડવાની તક છે. પરંતુ આ પક્ષ પાસે નેતાગીરી કે રણનીતિ દેખાતી નથી. સામાન્ય રીતે એવો માહોલ છે કે શાસન વિરોધી લાગણી ધરાવતા મતદારો પાસે કોઈ વિકલ્પ નથી. કોંગ્રેસ પર સરેરાશ મતદારોને વિશ્વાસ રહ્યો નથી. બીજી તરફ આમ આદમી પાર્ટીનું ગુજરાતમાં અસ્તિત્વ ખતમ થવાના આરે છે.

કોંગ્રેસ વિપક્ષ તરીકેની જવાબદારી ચૂકી ગઈ છે. ગુજરાતમાં આટલા વર્ષમાં એક પણ નિર્ણાયક લડત આપી નથી. પક્ષ પાસે ગુજરાતમાં લોકપ્રિય થઈ શકે તેવી નેતાગીરી નથી. કોઈ વિશેષ રણનીતિ પણ જોવા મળતી નથી. કોંગ્રેસના નેતાઓ માત્ર નિવેદનિયો વિરોધ કરીને પોઢી જવાની પ્રવૃત્તિમાં વ્યસ્ત છે.

રાજકીય સમીક્ષકો કહે છે કે કોંગ્રેસ ઉપર છે તેવી જ નીચે છે. રાહુલ નામની બ્રાન્ડ ચાલતી નથી, છતાં તેને ચલાવ્યા રાખે છે. અનેક પરાજયો છતાં રાહુલ સામે કોઈ અવાજ ઉઠાવી શકતું નથી, ખુદ રાહુલ નિષ્ફળ રહે છે. એ ગુજરાતના કોંગીજનોને કઈ રીતે જીતવા દબાણ કરી શકે ? ગુજરાતમાં કોંગ્રેસ મહેનત કર્યા વગર સત્તા ગિફ્ટમાં મળે તેવી આશા રાખીને બેઠા છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પણ અમુક સ્થાને મેદાનમાં છે. ''આપ''નો ગઢ ગણાતા દિલ્હીમાં કેજરીવાલ ખુદ હારી ગયા છે. ગુજરાતમાં ''આપ''ના નેતાઓ બેફામ બોલે છે પણ ખુદ પરાજિત થઈ ગયેલા છે. આવા નેતા પાર્ટીને જીતાડવા ધંધે લાગ્યા છે !

આ સ્થિતિમાં આવતીકાલે મતદાન થવાનું છે ઉમેદવારો માટે કતલની રાત આજે ભલે રહી પણ મતદારો માટે આવતીકાલનો દિવસ અક્કલનો બનવો જોઈએ.




# મોદી-ટ્રમ્પ મુલાકાત કોનો હાથ ઉપર રહ્યો?

## બંને વચ્ચે મુલાકાત હૂંફાળી રહી છે, બંને દેશો વચ્ચે કરાર તો થયા છે પણ ટેરીફનું શું? એ સ્પષ્ટ થયું નથી. ભારત શું વધુ દર ઘટાડશે? અમેરિકા પાસેથી વધુ તેલ ખરીદશે? અમેરિકા વધુ ટેરીફ લાદશે કે પછી ભારત ટેરીફ ઘટાડશે?



નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત પર બધાની નજર હતી. મોદી, એલન મસ્ક સહીત કેટલાક અમેરિકી અધિકારીઓને મળ્યા અને છેલ્લે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા. બંને મળ્યા અને પ્રેસ કોન્ફરન્સ પણ સાથે કરી. એમાં તો એમ લાગ્યું જ કે, બંને વચ્ચે સારી દોસ્તી છે. બંનેએ એકબીજાના પેટભરીને વખાણ કર્યા. પણ વાત એ છે કે, કોણ ખાટી ગયું? કોનો હાથ ઉપર રહ્યો? બંને દેશ વચ્ચે કરાર થયા તો એનો ભારતને ફાયદો થશે કે અમેરિકાને? આ સવાલનાં જવાબ બહુ સ્પષ્ટ નથી કારણ કે, પૂરી વિગતો મળતી નથી પણ લાગે છે કે, ભારત અને અમેરિકાના વેપાર ખાધ છે એ અમેરિકા પુરવા માગે છે. અને ટેરીફના મામલે પણ ટ્રમ્પ સ્પષ્ટ છે અને એ મુદે વાસ્તવમાં શું નિર્ણય થયો એ જાણવાની જરૂર છે.

અમેરિકાની યાત્રામાં મોદી ટ્રમ્પને મળે એ પહેલા એલન મસ્ક અને ગાબાર્ડ જેવા અધિકારીને મળ્યા. મસ્ક એના પરિવાર સાથે મોદીને શા માટે મળવા આવ્યા એ સમજથી પર છે. બંને વચ્ચે બીઝનેસ વિષે વાત થઇ છે. મસ્ક ભારતથી નારાજ છે કારણે એની ગાડીઓ પર ભારતે ટેક્સ ઘટાડવાની નાં પાડી છે. એ કારણે ટેસ્લા ભારતમાં આવી શકી નથી. આ મુલાકાતમાં બંને વચ્ચે આ મુદે વાત થઇ કે કેમ? એ સ્પષ્ટ નથી.

બીજું કે, મોદીનાં અમેરિકા પ્રવાસ પહેલા જ ભારતે કેટલીક ચીજોની આયાત પર કર ઘટાડ્યો છે. જેમ કે, કપડા, ઈલેક્ટ્રોનિક, મોંઘી મોટર સાયકલનાં આયાત કર હમણાં જ રજુ થયેલા બજેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. એટલું જ નહિ પણ ટ્રમ્પ દ્વારા ભારત વધુ પડતા કર લાદે છે અને ભારતથી આયાત થતી ચીજો પર ટેરીફ વધારાશે એવા નિવેદન બાદ ભારત હજુ ય કેટલીક ચીજો પર આયાત દર ઘટાડશે એવા અહેવાલો હતા.

ટ્રમ્પ અને મોદી વચ્ચે ટેરીફ મુદે કરાર થયા છે. એની વિગતો બહાર આવી નથી પણ આગળ જતા એ આવશે ત્યારે સ્પષ્ટ થશે કે, બંનેની મુલાકાત બાદ ભારતે કેટલું મેળવ્યું છે ને કેટલું ગુમાવ્યુ છે. અલબત , બંને મળ્યા પછી પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પ દ્વારા મોદીના મોફાટ વખાણ થયા. એમણે એમ કહ્યું કે, મોદી તો એના કરતા પણ ટફ નેગોશિયેટર છે. અને મોદીએ કહ્યું કે, ટ્રમ્પ પોતાના દેશનું પહેલા વિચારે છે. મારી જેમ જ. એટલું જ નહિ ટ્રમ્પને મોદીએ એક પુસ્તક પણ આપ્યું જેનું નામ છે, અવર જર્ની ટુગેધર. જેમાં હાંડી મોદી અને નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમોનો પણ સમાવેશ છે.

બીજું કે, બંને વચ્ચે સંરક્ષણ સોદા થયા છે અને અમેરિકા વધુ ફાઈટર એફ ૩૫ આપવા તૈયાર છે. એના ભાવતાલની વિગતો આવી નહિ. જો કે રશિયાએ પહેલાજ સુ- ૫૭ ભારતમાં જ બનાવી




શકાય એ રીતે ટેકનોલોજી ટ્રાન્સફરની ઓફર આપી છે. ભારત આખરી નિર્ણય શું કરે છે એ જોવાનું છે. બીજું એક મિશન પણ બંને વચ્ચે નક્કી થયું છે. આ મિશન જાણવા જેવું છે અને એમાં અમેરીકાનો હાથ ઉંચો રહે એવી શક્યતા પૂરેપૂરી છે.

અમેરિકા ઈચ્છે છે કે, ભારત એની તેલ ગેસની જરૂરીયાત છે. એમાં અમેરિકા પાસેથી વધુને વધુ ખરીદી કરે. રશિયા યુક્રેન યુદ્ધ શરૂ થયું એ પહેલાથી ભારત સૌથી વધુ તેલ રશિયા પાસેથી ખરીદતું હતું. રશિયા પર અમેરિકાએ પ્રતિબંધ મુકેલો પણ ભારતે એ માન્ય રાખ્યો નહોતો. કારણ કે, રશિયાએ ઓછા દરે અને ચુકવણું રૂપિયામાં સ્વીકાર્યું હતું. પણ હવે સ્થિતિ બદલાઈ છે. અને રશિયાએ રુબલમાં ચુકવણું માગ્યું ને ભારતની ત્યાંથી આયાત ઘટી છે.

ભારતને વર્ષે ૧૧ લાખ કરોડના તેલ ગેસની જરૂર પડે છે અને એ ૮૦ ટકા આયાત કરે છે. રશ્સીયા ઉપરાંત સાઉદી, ઈરાક, કુવૈત અને અમેરિકા પાસેથી ખરીદે છે. ૨૦૨૩માં ભારતે અમેરિકા પાસેથી ૬.૯ બિલીયન ડોલરની ખરીદી કરી હતી. પણ ટ્રમ્પ ઈચ્છે છે કે, વધુ ખરીદી કરે કારણ કે, અત્યારે ભારત અમેરિકાના વેપાર ખાધ ભારત માટે ફાયદાજનક છે. આ ખાધ લગભગ ૪૫ અબજ ડોલરની છે. ભારતે ટ્રમ્પની વાત સ્વીકારી તો સમસ્યા એ છે કે, ચુકવણું ડોલરમાં કરવાનું થાય અને અત્યારે ડોલર સામે રૂપિયાની હાલત બહુ ખરાબ છે. વળી, બંને દેશો વચ્ચે ભાવ શું નક્કી થાય છે એ મહત્વનું છે. અત્યારે ટ્રમ્પ કોઈ રાહત આપે તો આગળ જતા ચાલુ રહે કે એમાં વધારો થશે કે કેમ એ પણ સ્પષ્ટ નથી.

બીજું કે, પ્રેસ કોન્ફરન્સ અગાઉ ટ્રમ્પ દ્વારા સ્પષ્ટ કરાયું હતું કે, ભારતે વધુ ટેરીફ માટે તૈયાર રહેવું પડશે. પ્રેસ કોન્ફરન્સમાં આ મુદે કોઈ ફોડ પડાયો નથી. પણ એ તો સ્પષ્ટ જ છે કે, ટ્રમ્પ આ મુદે કોઈ ઢીલ નહિ આપે. ટ્રમ્પ દ્વારા એલ્યુમીનીયમ અને સ્ટીલ પર ડ્યુટી ૨૫ ટકા કરવાની ધમકી તો અગાઉ આપી જ દેવાઈ છે. હવે ભારત કઈ રીતે આગળ વધે છે એ જોવાનું છે. બાકી બંને વચ્ચેની મુલાકાત હૂંફાળી તો રહી જ છે.

ચીન સાથે વિવાદની વાતે ટ્રમ્પ દ્વારા ભારતને સલાહ અપાઈ કે એ દરમિયાનગીરી માટે તૈયાર છે. આ વાત જરા વધુ પડતી હતી પણ પાછળથી ભારત દ્વારા કહેવાયું કે, એ દ્વિપક્ષીય બાબત છે અને એમાં કોઈ દેશની દખલગીરી ચાહતું નથી.

વિદેશી મીડિયામાં ભારત અમેરિકા વિષે કેટલીક ટીકાઓ થઇ છે. એમાં મુસ્લિમ દ્વેષ અને ભારતમાં માનવાધિકાર ભંગના મુદા ઉછાળાયા છે. પણ ટ્રમ્પ એનાથી દૂર જ રહ્યા છે. એક ભારતીય પત્રકારને ટ્રમ્પ દ્વારા જે રીતે ટાળવામાં આવ્યા એ ખુંચે એવી વાત જરૂર હતી. સમગ્ર રીતે જોઈએ તો મોદી ટ્રમ્પની મુલાકાત ઉલ્લેખનીય તો રહી છે. બને વચ્ચે દોસ્તી છે એ પણ નજરે પડતું હતું પણ કરાર થયા છે એની વિગતો બહાર આવશે પછી જ અંદાજ આવશે કે, ભારતને કેટલો ફાયદો થયો કે પછી અમેરિકા એની મનમાની કરી શક્યું છે.

# અમેરિકાએ આતંકી તહવ્વુર રાણાને ભારતને પ્રત્યાર્પણને મંજૂરી આપી

## યુએસ સુપ્રીમ કોર્ટે ૨૧ જાન્યુઆરીએ આરોપીની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો

રાજકોટ, તા. ૧૪

અમેરિકાએ ૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાના આરોપી તહવ્વુર રાણાના ભારતને પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે. ત્યારથી મુંબઈ હુમલાના પીડિતોમાં ખુશીનો માહોલ છે. તેમનું કહેવું છે કે હવે આરોપીઓને ઝડપી સજા થશે. પીડિતોએ રાણાને ફાંસી આપવાની માંગ કરી છે.



૨૬/૧૧ હુમલાની પીડિતા દેવિકા નટવરલાલ રોટાવને કહ્યું કે હું ખૂબ જ ખુશ છું કે તેને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે અને હું ઈચ્છું છું કે તેને શક્ય તેટલી વહેલી તકે ભારત લાવવામાં આવે. તેને સખત સજા મળવી જોઈએ. તેની તપાસ થવી જોઈએ કે તેણે હુમલાનું આયોજન કેવી રીતે કર્યું અને આટલા લોકો શા માટે માર્યા ગયા? હું તહવ્વુર રાણા માટે મૃત્યુદંડની માંગ કરું છું. દેવિકાના પિતા નટવરલાલ રોતવને કહ્યું કે તહવ્વુર રાણાને બને તેટલી વહેલી તકે ભારત લાવવામાં આવે. હું તેના માટે મૃત્યુદંડની પણ માંગ કરું છું. આતંકવાદ ખતમ થયા પછી ભારત જીતશે.

જાન્યુઆરીમાં, યુએસ સુપ્રીમ કોર્ટે કેસમાં તેની સમીક્ષા અરજી ફગાવી દીધા બાદ તહવ્વુર રાણાના પ્રત્યાર્પણને મંજૂરી આપી હતી. ભારતે ગયા મહિને કહ્યું હતું કે તે તહવ્વુર રાણાના વહેલા પ્રત્યાર્પણ માટે અમેરિકી સત્તાવાળાઓ સાથે કામ કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે, 'યુએસ સુપ્રીમ કોર્ટે ૨૧ જાન્યુઆરીએ આરોપીની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. અમે હવે અમેરિકી પક્ષ સાથે મુંબઈ આતંકવાદી હુમલાના આરોપીના વહેલા પ્રત્યાર્પણ માટે પ્રક્રિયાગત મુદ્દાઓ પર કામ કરી રહ્યા છીએ.

૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ, ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓના એક જૂથે અરબી સમુદ્રમાં દરિયાઈ માર્ગે ભારતની આર્થિક રાજધાનીમાં પ્રવેશ્યા પછી એક રેલ્વે સ્ટેશન, બે હોટલ અને એક યહૂદી કેન્દ્ર પર હુમલો કર્યો. લગભગ ૬૦ કલાક સુધી ચાલેલા આ હુમલામાં ૧૬૬ લોકો માર્યા ગયા, જેણે સમગ્ર દેશને ચોંકાવી દીધો. હુમલા બાદ આતંકી અજમલ આમિર કસાબને જીવતો પકડી લેવામાં આવ્યો હતો. નવેમ્બર ૨૦૧૨માં અજમલ આમિર કસાબને પુણેની યરવડા જેલમાં ફાંસી આપવામાં આવી હતી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ગયા મહિને કહ્યું હતું કે તે તહવ્વુર રાણાના ભારતમાં પ્રત્યાર્પણ અંગેના આગામી પગલાંનું મૂલ્યાંકન કરી રહ્યું છે.

પાકિસ્તાની મૂળના બિઝનેસમેન તહવ્વુર હુસૈન રાણાને મુંબઈ પર ૨૬/૧૧ના હુમલામાં તેની ભૂમિકા માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો. રાણાના સહ કાવતરાખોરોમાં ડેવિડ હેડલીનો પણ સમાવેશ થાય છે, જેમણે રાણા સામે ગુનો કબૂલ્યો હતો અને સહકાર આપ્યો હતો. ૨૬/૧૧ના હુમલામાં ૨૦ સુરક્ષા કર્મચારીઓ અને ૨૬ વિદેશીઓ સહિત ૧૭૪ લોકો માર્યા ગયા હતા અને ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ મુંબઈની તાજ હોટેલ પર થયેલા ભીષણ હુમલામાં ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ ગોદાવરી (ભાગ ૧)

૫/૯/૨૦૧૫ થી ૧૩/૯/૨૦૧૫

## હરિકથા એક એવો પ્રવાહ છે, જેમાં નદી જેમ નિત નૂતનતા છે! એ કેવળ ગતાનુગતિ નથી



બાપુએ માનસ ગોદાવરી કથાની શરૂઆત કરતાં કહ્યું કે ભગવાન રામજી એ જ્યાં નિવાસ કર્યો એવાં નાસિક પંચવટી જેવી તીર્થ ભૂમિમાં મને કુંભમાં કથા કરવાનો અવસર પ્રાપ્ત થયો છે, એ મારી માટે બહુ મોટાં સદભાગ્યની વાત છે. ઉપરાંત હમણાં અહીંથી કહ્યું એમ શ્રાવણ માસ ચાલી રહ્યો છે, જન્માષ્ટમી અને શિક્ષકદિન એટલે કે દાર્શનિક મહાપુરુષ ડોક્ટર રાધાક્રિશ્નનનું સ્મરણ થાય એવાં પાવન દિવસોમાં કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કુંભમાં આપણે ત્યાં સ્નાનનો મહિમા છે, રામકથાને પણ ગંગા કહેવામાં આવી છે, તો આપણે સૌ માનસ ગોદાવરીમાં સ્નાન કરી આ કુંભને ઉજવીશું. પૂજ્ય જ્ઞાનદાસ બાપુ અને એની આખી મંડળીને મારા પ્રણામ, મુનિજી મહારાજના અપાર અનુગ્રહ યાદ કર્યો, અને એમણે આવીને આશીર્વાદ આપ્યાં! ઊપરથી પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો. આ ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવો અને કથા મંડપમાં બિરાજમાન સંતગણ, વૈષ્ણવ, સંન્યાસી અને અન્ય અખાડાના સંતો મહંતો અને મહામંડલેશ્વર ને વ્યાસપીઠ પરથી પ્રણામ કર્યા, અને કથાના શ્રોતાઓને પ્રણામ અને જય સીયારામ કરી કથાના વિષયમાં પ્રવેશ કર્યો.

બાપુએ કહ્યું કે આપણે સૌ સાથે મળીને આ નવ દિવસમાં માનસ ગોદાવરી તત્વ શું છે! એને વિશે વાત કરીશું. હું કોઈ ઉપદેશ દેવા નથી આવ્યો, મારી એ ઓકાત પણ નથી. હું તમારી સાથે નવ દિવસ આ વિષય પર સાત્વિક તાત્વિક ચર્ચા કે સંવાદ કરીશ.

સુરસરી સરસઈ દિનકર કન્યા,
મેકલ સૂતા ગોદાવરી ધન્યા.
અનુજ સહિત ગયે પ્રભુ તહવા,
ગોદાવરી તટ આશ્રમ જહવા.

ગોદાવરીનાં તટ પર એટલે કે પંચવટીમાં પ્રભુએ પાંચ લીલા કરી છે, અને એમનાં વનવાસ ગમનનો ઘણો સમય અહીં વિત્યો છે, અને અહીંથી જ તેમની લલિત નર લીલાનો પ્રારંભ થયો! તેમજ પંચવટીમાં પાંચ વૃક્ષનો પણ મહિમા ગવાયો છે પ્રભુની પાંચ લીલાની વાત કરતાં કહ્યું કે, પંચવટીમાં લક્ષ્મણજી એ પ્રભુને પાંચ આધ્યાત્મિક પ્રશ્ન કર્યા હતા જેને (૧) માનસ રામ ગીતા, જે એક કથા માટે સ્વતંત્ર વિષય છે.(૨) શૂર્પણખાનો પ્રસંગ. (૩) પ્રભુ એ ખર દૂષણ સહિત ચૌદ હજાર અસૂરોનું નિર્વાણ કર્યું. ( ૪) સુવર્ણ મૃગ બનીને આવેલ મારીચ વધનો પ્રસંગ. (૫) સાધુ વેશે આવીને રાવણ માતા જાનકીનું અપહરણ કરે છે એ પ્રસંગ! અને ત્યાર બાદ પ્રભુ પંચવટી છોડી દે છે, અને લક્ષ્મણ સાથે માતા સીતાની શોધમાં નીકળી પડે છે.આગળના અધ્યાય માં પ્રવેશ કરતાં કહ્યું કે તુલસીદાસજી એ રામચરિત માનસની નદીઓની સાથે તુલના કરી છે. ભગવાન શંકર એ રામકથા ને ગંગા સાથે સરખાવી છે, તો આગળ જતાં તુલસીદાસજી રામકથા ને મંદાકિની પણ કહે છે,અને શિવપ્રિયા મેકલ શૈલ સૂતા સી,એમ કહી એને મેકલ સૂતા પણ કહે છે. તુલસીદાસજી રામકથા ને નદી સાથે સરખાવે છે, એ વિશે ચિંતન કરીએ તો એના પણ કારણો છે.

નદી એક પ્રવાહ રુપે વહે છે, કથા જડ નથી,એ કેવળ ગતાનુગતિ નથી, સરિતાનો કલકલ નાદ કરતો એક પ્રવાહ છે. ભગવાનની કથા સંકીર્ણ નથી, બંધિયાર નથી,જે આલોચના કરે છે એમનાં ભાગ્ય હજી ખૂલ્યા નથી. કથા એક એવો પ્રવાહ છે, જેમાં નદી જેમ નિત નૂતનતા છે. જમાના એ સ્વીકારવું પડશે કે કથાકારો એ કથા દ્વારા તત્વ સત્વ ને પ્રવાહિત રાખવાનું કાર્ય કર્યું છે.

ચંદ્રેશ મકવાણા ના શેરને યાદ કરીને કબીરનું સ્મરણ કર્યું, અને કહ્યું કે જેમ કથાના સાત્વિક સ્વરૂપ ની આપણે વાત કરી એ જ રીતે ગોદાવરીનાં તાત્વિક સ્વરૂપ ને પણ સમજવું જોઈએ. લોકો તીર્થમાં આવી ને સ્નાન કરી પોતે પવિત્ર થાય છે,પણ તીર્થ ને અપવિત્ર કરે છે. આપણે જો એનાં તાત્વિક સ્વરૂપ ને જાણીએ તો તીર્થ અપવિત્ર થતાં અટકી શકે છે. ગોદાવરીનાં આંતરિક સ્વરૂપની ચર્ચા આ કથાનો મુખ્ય સંવાદ છે.

ગોદાવરી ના તટ પર પંચવટીમાં પ્રભુએ બહુ લાંબો સમય પસાર કર્યો, અને અહીં પાંચ પ્રસંગની વાત આપણે કરી,એ રામકથા નો મુખ્ય આધાર છે. કારણ કે અહીંથી પ્રભુએ લલિત નર લીલાનો શ્રીગણેશ થયા હતાં, અને એટલે એમણે આ જગ્યા પસંદ કરી હતી. એમણે કહ્યું કે ''તુમ પાવક મેં કરહું નિવાસા''! એ રીતે જોઈએ તો ચિત્રકૂટની ભૂમિ પર પ્રભુએ વિહાર કર્યો, એટલે જે નરલીલા ચાલી એનો પણ એક મહિમા છે.

કથાના પ્રારંભે બાપ શબ્દનો ઉચ્ચાર કરું છું અને લોકો તાળી પાડે છે, અરે હજી કથા સાંભળો, અને પછી પણ મહિમા તો રામ નો છે! તુલસીદાસજી નો છે! હું કથાને પ્રવાહ બનાવવા મથું છું અને લોકો એને મોરારીબાપુ નામનો ડેમ બનાવવા માગે છે! હું કોઈ ડેમ નથી!

ભગવાન રામે સવિનય ઘણી પરંપરા તોડી છે, અને પરિવર્તન પણ કર્યું છે. લક્ષ્મણજી એ તો આ ગોદાવરીની ભૂમિ પર લક્ષ્મણ રેખાઓ નિર્મિત કરી છે. માનસ ગોદાવરી શ્રાવણ અંતર્ગત થઈ હતી, એટલે ફિલ્મ ગીતની પંક્તિ યાદ કરી શ્રાવણનો મહિમા ગાતા કહ્યું કે, શ્રાવણ એ મારનારો મહિનો છે. અંદરનો વિકાર બહુ સતાવે તો શ્રાવણમાં શીવને ભજો! શ્રાવણ સિવાય કોઈ ઝૂમીને નથી આવતું! તો બાપ! કુંભનો પાવન અવસર, પાવન તીર્થ, પાવન રામકથા, પાવન કરનારો મહા પુરુષોનો સંગ હોય ત્યારે આપણે સૌ ભીતરી ગોદાવરી શોધીએ,કે જેમાં આપણાં દ્વારા કોઈનું હરણ તો નથી થયું ને? ક્યાંક કોઈનો વધ તો નથી થયો ને? કોઈનાં નાક કાન તો નથી કપાયા ને? દરેકનાં ભીતરમાં આવી કેટલીય ઘટનાઓ ઘટી હોય છે, અને એને શોધવું એ જ માનસ ગોદાવરીનું તાત્વિક સ્વરૂપ છે. એ સમયે આવી ઘટના અહીં તો ઘટી જ અને એ જ તો પરમ સત્ય છે. મહારાષ્ટ્રનાં આ પાવન પ્રદેશમાં આપણે સૌ ભેગા મળીને આપણી ભીતર પ્રવાહિત અને ચેતનામય ગોદાવરીની શોધ કરી, રામકથાનાં સહયોગથી આપણે કંઈક અમૃત પીને જઈએ. ભીતરી અનૂભૂતિ ઓને એકાકાર કરવા તો આપણે આવ્યા છીએ! તકરાર કરવા નહીં.

પૂજ્ય બાપુ કહે છે કે માનસનો એવી રીતે પાઠ કરો માનસ તમને પ્રેમ કરે! એક દિવસ ચોપાઈ ન ગાઈએ તો ચોપાઈ ને રડવું આવે! માનસ આપણને પ્રેમ કરે! ભગવાન રામ આપણને પ્રેમ કરે! આપણે તો એ પરમ તત્વ છે એને પ્રેમ કરવાના જ છીએ! આપણે એને નહીં પોકારીએ તો કોણ પોકારશે? પણ શાસ્ત્ર કરે એ વાત કંઈક ઔર છે! સૌ શાસ્ત્ર ને આદર આપવો પણ કોઈ એક પ્રિય હોય અને એનાં પણ આપણે પ્રિય બનીએ!

એક બાની કરુના નિધાન કી,સો પ્રિય જાકે ગતિ ન જાન કી. જેમની અન્ય ગતિ નથી એને હું ખૂબ પ્રેમ કરું છું, આમ કહી પૂજ્ય બાપુ એ કથાનો ક્રમ લીધો.

રામ ચરિત માનસ નાં સાત કાંડ છે એ આપ સૌ જાણો છો, બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ, લંકાકાંડ, અને ઉત્તરકાંડ, એમ છે. માનસનાં પ્રથમ સોપાનમાં તુલસીદાસજી સાત મંત્રોમાં કહે છે કે,

વર્ણાનામર્થસંઘાનાં રસાનાં છન્દસામપિ,
મઙ્ગલાનાં ચ કર્ત્તારૌ વન્દે વાણીવિનાયકૌ (૧)

આ પછી શ્લોક ને લોક સુધી પહોંચાડવા તુલસીદાસજી લોક બોલીમાં આવ્યા,અને પાંચ સોરઠમાં પંચ દેવની સ્તુતિ કરી, ત્યાર બાદ સદગુરુ ભગવાનની સ્તુતિ કરી અને કહ્યું કે, માનસનું પ્રથમ પ્રકરણ ગુરૂ વંદના છે, અને જેમાં ગુરુ ચરણ રજ થી પોતાના નેત્રો ને વિવેકમય કરીને તુલસીદાસજી આગળ વધે છે. આખાં જગતને સીયારામ મય સબ જગ જાની, આમ કહી પ્રણામ કરે છે. ત્યાર બાદ આખાં, શ્રી રામનાં રાજ પરિવાર ની વંદના કરી અને પછી હનુમાનજીની વંદના કરી,

મહાવીર વિનવઉં હનુમાના, રામ જાસુ જસ આપ બખાનાં, અતુલિત બલધામ હેમ શૈલાભ દેહમ.....

જાસુ હ્રદય આગાર બસહિ રામ સર ચાપ ધર..આમ કહી આવતી કાલ એ રામ નામ વંદના વિશે વાત કરીશું કહીને પહેલાં દિવસની રામકથા ને વિરામ આપ્યો!.

સંકલન- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### લેભાગુઓ અને કહેવાતા એજન્ટોએ અનેકને શીશામાં ઉતારી લાખો કરોડો ખંખેર્યા છે, વધુ એક શિકાર

# કેનેડાના વર્ક પરમિટ વિઝાના નામે અડધા કરોડનું ફ્રોડ

### વેપારીએ વિશ્વાસ મુકી માંગ્યા એ મુજબ નાણા દીધા પણ છેલ્લે મળ્યો ઠેંગોઃ એક જ પરિવારના ચાર સભ્યો સામે છેતરપીંડીની એફઆઈઆર

રાજકોટઃ વિદેશમાં નોકરી કરવા અને ત્યાં સ્થાયી થવા ઈચ્છતા યુવાનો, પરિવારો સાથે લેભાગુ એજન્ટો ફ્રોડ આચરતા હોવાના અનેકાનેક કિસ્સાઓ સામે આવી ચુક્યા છે. અમુક તો લાખો રૂપિયા એજન્ટોને ચુકવી ગેરકાયદેસર વિદેશ પહોંચ્યા પછી મુશિબતમાં આવી ગયાના કિસ્સા પણ સામે છે. આ વચ્ચે વર્ક પરમિટ વીઝાના નામે વધુ એક ઠગાઇ સામે આવી છે. જેમાં કેનેડાના વીઝાના નામે એક પરિવારના ચાર જણાએ અધધધ અડધા કરોડથી વધુની ઠગાઇ કરી લેતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી છે. રાજ્યભરમાં આ પ્રકારના ફ્રોડની ઘટના સામે આવતી રહી છે. નવા કિસ્સા પર નજર કરીએ તો વડોદરા ગોત્રી અપેક્ષા પાર્ક સોસાયટીમાં રહેતા રમેશભાઇ જોઇતારામ પટેલે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ભાયલી કેનાલ રોડ સીનોવ પેલેડિયમમાં રહેતા રમેશભાઇ કાનજીભાઇ બલદાણીયા સાથે અમારા જૂના ભાગીદાર મારફતે ઓળખાણ થઇ હતી. ત્યારબાદ અમારી વચ્ચે પારિવારીક સંબંધો બંધાયા હતા. વર્ષ ૨૦૧૬ માં રમેશભાઇ તથા હીનાબેન રમેશભાઇ બલદાણીયાએ અમને જણાવ્યું હતું કે, કેનેડાની એમ્બસીમાં અમારી સારી ઓળખાણ છે અને અમારા ઘણા સંબંધીઓ કેનેડામાં રહેતા હોઇ વર્ક પરમિટ અને પી.આર. વિઝા કઢાવી આપીએ છીએ. અમારે પણ પરિવાર સાથે કેનેડા જવું હોઇ તે સંદર્ભે તેઓની પાસેથી માહિતી લીધી હતી.




ત્યારબાદ આરોપીએ કહ્યું હતું કે અમે દોઢ થી બે વર્ષમાં વર્ક પરમિટ વિઝા કરાવી શકીએ અને ત્યારબાદ પી.આર. પણ કરાવી આપીશું. તે તમામ કાર્યવાહી માટે ૬૦ લાખનો ખર્ચ થશે.તેવું જણાવ્યું હતું.હાલમાં તમે ૫૮ લાખ અમને ટ્રાન્સફર કરાવી આપો. એટલે તમારૂં કામ શરૂ કરીશું. જો વિઝા ના થાય તો તમારા રૃપિયા તમને પરત કરી દઇશું. તેમની વાત પર ભરોસો રાખીને અમે ૫૭.૯૦ લાખ તેઓના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા.

બે વર્ષ ઉપરાંતનો સમય થવા છતાંય આરોપીઓએ વિઝા અંગે કોઇ સચોટ માહિતી આપી નહતી. તેઓ લગ્ન પ્રસંગમાં કેનેડા જવાના હોઇ અમને જણાવ્યું હતું કે, કેનેડા જઇને તમારા વિઝાની કાર્યવાહી પૂરી કરી દઇશું.

પરંતુ આ વાતને પણ દોઢ વર્ષ વીતી જવા છતાંય કોઇ કાર્યવાહી કરી નહતી અને કોરોનાનું કારણ આગળ ધરી સમય પસાર કરતા હતા. કોરોનામાં પણ ઘણા લોકોના વિઝાનું કામ થયું હોવાથી અમે તેઓને કહ્યું હતું કે, અમારા વિઝા કરાવી આપો. નહીંતર અમારા રૂપિયા પરત કરી દો. પરંતુ,ત્યારબાદ પણ અમને વિઝા અપાવ્યા નહતા અને પૈસા પણ પરત કર્યા નહતા. આ કિસ્સામાં ચોંકાવનારી વાત એ પણ છે કે રમેશભાઇ પટેલે મે - ૨૦૨૨ માં ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

પરંતુ પોલીસે ગુનો દાખલ નહી કરતા પાંચ મહિના પછી પોલીસ કમિશનર કચેરીમાં ફરિયાદ કરી હતી.તે ફરિયાદમાં પણ પોલીસે કંઇ જ ના કરતા છેવટે તેમણે કોર્ટમાં ફરિયાદ કરી હતી.

કોર્ટે એફ.આઇ.આર.દાખલ કરવાનો હુકમ કરતા છેવટે ગોત્રી પોલીસને ગુનો દાખલ કરવાની ફરજ પડી હતી. રમેશભાઇ બલદાણીયા, તેમના પત્નિ હીનાબેન અને બે દીકરીઓ નિધિ ઉર્ફે સ્વીટી તથા ઋચા સામે પોલીસે ફરિયાદ દાખલી કરી હતી અને હવે તપાસ પણ શરૂ કરી છે. આમ વધુ એક વખત વિદેશ જવાની લ્હાયમાં

## નાગર બોર્ડીંગમાં કાલે ફ્રી મેડીકલ-બ્લડ ડોનેશન કેમ્પ

### કેમ્પ તેમજ રક્તદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં જોડાવા અનુરોધ



રાજકોટ મિરર, તા.૧૪

અગ્રવાલ સમાજ રાજકોટ દ્વારા તા. ૧૬-૨-૨૦૨૫ (રવિવાર), નાગર બોર્ડિંગ, ટાગોર રોડ, વિરાણી સ્કૂલની સામે, રાજકોટ ખાતે સવારે ૧૦ થી ૧૨:૩૦ સુધી ફ્રી મેગા મેડિકલ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું છે.આ મેગા કેમ્પ પ્લક્ષેક્સ હોસ્પિટલના નિષ્ણાંત મેડિકલ ટીમ દ્વારા યોજવામાં આવશે જેમાં ડો. હેમંત વર્ષને, ડો. બંકિમ થાનકી, કોમલ જાની અને ડો. ગૌતમ જોબનપુત્ર દ્વારા બ્લડ અને સુગર ટેસ્ટ અને ઇ.સી.જી. ટેસ્ટ ફ્રી માં કરવામાં આવશે અને સાથે સાથે જાહેર જનતાને મેગા બ્લડ ડોનેશનમાં ભાગ લેવા વિનંતી કરી રહ્યું છે, આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે મેયર મીનાબેન નયનાબેન પેઠડીયા, દર્શિતાબેન શાહ એમ.એલ.એ. રાજકોટ અને શિવસેનાના પ્રદેશ પ્રભારી જીમી અડવાની વિશેષ ઉપસ્થાથી આપશે આ કેમ્પને સફળ બનવા પ્લેક્સ હોસ્પિટલ, નાથાણી બ્લડ બેંક, સ્પર્શ સુજોક ક્લિનિક અને નાગર બોર્ડિંગ ફ્રી સેવા દ્વારા અમને વિશેષ સહયોગ મળી રહ્યો છે અને અગ્રવાલ સમાજ, રાજકોટની સંપૂર્ણ કમિટી છેલ્લા બે મહિનાથી સખત મહેનત કરીને કાર્યક્રમને સફળ બનવા પ્રયત્ન કરી રહી છે. વધુ વિગત માટે અગ્રવાલ સમાજના પ્રમુખ વિજય ગર્ગ- મો. ૭૪૦૫૪ ૪૫૩૮૬ અને સેક્રોટરી વિકાસ સગતાની મો. ૮૫૨૭૭ ૪૮૬૨૦ નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

### મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી ઈન્ચાર્જના પણ ઈન્ચાર્જના હવાલે

# ઈન્ચાર્જ ટીપીઓ ૨૦ દિવસની રજા પર : ચાર્જ અપાયો ઈન્ચાર્જને

### તજજ્ઞોનું માનવું કામગીરી ઝડપભેર શરૂ થાય તે ખૂબ જરૂરી

રાજકોટ, તા. ૧૪

રાજકોટ મહાનગરપાલિકાનું ટાઉન પ્લાનિંગ વિભાગ જાણે ખાડે ગયું હોય તેવું ચિત્ર સામે આવ્યું છે કારણ કે હાલ જે રીતે રાજકોટ ટાઉન પ્લાનિંગ વિભાગનો ચાર્જ કિરણ સુમરા ને સોંપવામાં આવ્યો તો તેઓ પણ ક્યાંક ૨૦ દિવસની રજા પર ઉતરી ગયા છે જેથી ફરી એક વખત રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ અધિકારીની જગ્યા ખાલી પડી છે આ માટે માત્ર પત્ર વ્યવહાર જેવી કામગીરી થઈ શકે તે માટે ઈન્ચાર્જ તરીકે સિનિયર એટીપી જે જે પંડ્યાને કામગીરી સોંપવાનું રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ પ્લાન કંપની જેવા નહીં તો સત્તાવાર પત્ર વ્યવહારના કામ થઈ શકે તે માટે અધિકારીની સહીની આવશ્યકતા રહેતી હોય છે જેને લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આગામી બે અઠવાડિયા બાદ સરકારના ઈન્ચાર્જ ટીપીઓ હાજર થાય ત્યાં સુધી આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ અધિકારી આ જગ્યાની કામગીરી સંભાળશે પરંતુ વાસ્તવિકતા તો એ છે કે જ્યારથી અગ્નિકાંડ જે દુર્ઘટના ઘટી તે બાદ ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી યોગ્ય રીતે ક્યારે શરૂ થશે તે અત્યારના સૌથી મોટો ચર્ચાન વિષય બન્યો છે અને આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો પણ શીખી રહ્યા છે કે હવે બહુ ટાઈમ થયો જે ટાઉન પ્લાનિંગ વિભાગની જે રેગ્યુલર કામગીરી હોવી જોઈએ તે થતી નથી ત્યારે આ કામગીરી ઝડપભેર શરૂ કરવામાં આવે તે માટે મહાનગરપાલિકાને અનેક વખત રજૂઆતો કરવામાં આવેલી છે. ત્યારે ઈન્ચાર્જ નો હવાલો પણ એક ઈન્ચાર્જને જ આપવામાં આવતા હાલ ટાઉન પ્લાનિંગ માટે ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

## બોર્ડ પરીક્ષાને લઈ કલેકટરો સાથે ૧૯ મીએ વીડિયો કોન્ફરન્સ

### રાજકોટ જિલ્લા પરીક્ષા સમિતિની પણ યોજાશે બેઠક જરૂરી તમામ મુદ્દાઓ પર હાથ ધરાશે ચર્ચા

રાજકોટ, તા. ૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષા યોજાશે જેને લઈને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ગુજરાત બોર્ડની પરીક્ષા અત્યંત સુચારો રૂપથી લેવાય તે માટે શિક્ષણ બોર્ડના સચિવ દ્વારા તારીખ ૧૯ ના રોજ રાજ્યના જિલ્લા કલેકટરો સાથે એક ખાસ વિડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

એટલું જ નહીં રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભાવ જોશીના વડપણ હેઠળ જિલ્લા પરીક્ષા સમિતિની બેઠકનું પણ આયોજન કરવામાં આવશે. તારે મળતી માહિતી મુજબ ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણ અધિકારી કિરીટસિંહ પરમાર દ્વારા આગામી બોર્ડ પરીક્ષાનો એક્શન પ્લાન પણ રજૂ કરી દેવામાં આવ્યો હોય તેવું જાણવા મળ્યું છે. બીજી તરફ પરીક્ષા વિચારું વાતાવરણમાં યોજાય તે માટે હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે.

### રિક્ષાવાળાની ઈમાનદારીના કિસ્સાઓ અખબારના પાને અનેકવાર ચમકે છે, પણ અહિ એક બેઈમાન નીકળ્યો

# દાનત બગડીઃ કપડાનું પાર્સલ મંજીલે પહોંચાડવાને બદલે ઘરે લઈ ગયો!

### હંસરાજનગરના વેપારીએ રેડીમેઇડ કપડાનો જથ્થો કેસરી પૂલ ટ્રાન્સપોર્ટની ઓફિસે પહોંચાડવા રવાના કર્યો પણ ત્યાં પહોંચ્યો જ નહિઃ પ્ર.નગર પોલીસે શકમદને ઉઠાવીને પુછપરછ શરૂ કરી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૪**

રાજકોટઃ શહેરમાં એવા અનેક રિક્ષાચાલકો છે જે તેમની ઈમાનદારીને કારણે જાણીતા છે. મુસાફરોના ગમે એટલા કિમતી દાગીના, રોકડ કે બીજી ચીજવસ્તુ ભુલાઇ જાય તો તે જે તે મુસાફરને પોલીસની મદદથી શોધીને પરત આપે છે અને પોતાની ઈમાનદારી છત્તી કરે છે. પરંતુ ઘણા બેઇમાન પણ નીકળતાં હોય છે. આવા જ એક બેઇમાન રિક્ષાચાલકનુ કૃત્ય સામે આવ્યું છે. એક વેપારીએ રેડીમેઇડ કપડાનો જથ્થો તેની રિક્ષામાં મુકી ભાડુ બાંધી કેસરી પૂલની ટ્રાન્સપોર્ટ ઓફિસે પહોંચાડવા રવાના કર્યો હતો. પરંતુ આ રિક્ષાવાળાની દાનત બગડતાં તે મંજીલે માલ પહોંચાડવાને બદલે ઘર ભેગો થઇ ગયો હતો. પોલીસ સુધી વાત પહોંચતા શકમંદને સાણસામાં લઇ પુછપરછ શરૂ કરી છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરના હંસરાજનગરમાં રહેતાં કપડાના વેપારીએ રૂા. ૧,૧૦,૦૦૦ના કપડાનું પાર્સલ ટ્રાન્સપોર્ટ મારફત ગોંડલ મોકલવું હોઇ પોતાના ઘર પાસેથી રિક્ષા ભાડે કરીને કેસરી પૂલ પાસે આવેલી ટ્રાન્સપોર્ટની ઓફિસે પહોંચવા રવાના કર્યુ હતું. પાછળ પાછળ તેઓ પણ ટુવ્હીલરમાં ત્યાં ગયા હતાં. પરંતુ રસ્તામાં નજર ચુકવી રિક્ષાવાળા કપડાના પાર્સલ સાથે ગાયબ થઇ ગયો હતો. શોધખોળ કરવા છતાં ન મળતાં ઠગાઇની ફરિયાદ દાખલ કરાવવામાં આવી હતી. આ બનાવમાં પ્ર.નગર પોલીસે હંસરાજનગર-૧ ભીડભંજન ખાતે રહેતાં ઓગણસાઇઠ વર્ષના અશોકભાઇ મોહનભાઇ પુનવાણીી ફરિયાદ પરથી સીએનજી રિક્ષાના આશરે ૩૦ થી ૩૫ વર્ષના ચાલક વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. અશોકભાઇ પેડક રોડ પર જે. પી. ફેશન નામે કપડાની દૂકાનમાં વેપાર કરતાં હતાં.



બીજી તરફ ઈન્દિરા સર્કલ પાસે 'રિક્ષાગેંગ'એ મુસાફરને શિકાર બનાવ્યા ઉલ્ટી ઉબકાનો ઢોંગ કરી બાર હજાર સેરવી તેમને ઉતારી મુક્યા

તેમણે વધુમાં જણાવ્યું હતું કે હાલમાં મેં મારી દૂકાન બંધ કરી હોઇ ત્યાં પડેલા કપડા સહિતનો માલસમાન મારા ઘરે લાવ્યો હતો. આ માલ મારે અન્ય પાર્ટીને હું ઘરેબેઠા વેંચુ છું. બે દિવસ પહેલા સાંજે પાંચેક વાગ્યે મારે મારા ઘરેથી કપડાનું પાર્સલ ગોંડલ રહેતાં મોઇનભાઇને મોકલવાનું હતું. આ માટે મેં અલગ અલગ સાઇઝના ૧૦૯ પેન્ટ, તથા ૧૦૮ નંગ શર્ટ મળી કુલ ૨૧૭ કપડા રૂા. ૧,૧૦,૦૦૦ના પ્લાસ્ટીકના બોરામાં પેક કર્યા હતાં અને આ કપડાનું પાર્સલ કેસરી હિન્દ પૂલ પાસે આવેલા ગુરૂકૃપા ટ્રાન્સપોર્ટ ખાતે પહોંચાડવાનું હોઇ જેથી એક સીએનજી રિક્ષા ઘર પાસેથી ભાડે કરી હતી. આ રિક્ષાના નંબર કે તેના ચાલકનું નામ મેં પુછ્યું નહોતું. રિક્ષામાં કપડાનું પાર્સલ ચડાવી કેસરી પૂલ સુધી તેને જવા રવાના કર્યો હતો અને હું પણ પાછળ પાછળ મારુ ટુવ્હીલર લઇને રવાના થયો હતો.

ત્યારબાદ હું મારા વાહન સાથે કેસરી પૂલના ગુરૂકૃપા ટ્રાન્સપોર્ટ ખાતે હું તો પહોંચી ગયો હતો પરંતુ મેં જે રિક્ષામાં કપડાનું પાર્સલ મોકલ્યું હતું એ રિક્ષાવાળો અહિ પહોંચ્યો નહોતો. શોધખોળ કરવા છતાં તે નહિ મળતાં અંતે પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં અશોકભાઇએ જણાવતાં પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર પી. આર. ડોબરીયાના માર્ગદર્શન હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ ડી. સ્ટાફના પીએસઆઇ આઇ. એ. બેલીમ અને ટીમે ગુનો ઉકેલવા તપાસ હાથ ધરી એક શકમંદને ઉઠાવી લઇ પુછપરછ શરૂ કરતાં ભેદ ઉકેલાઇ જવાની આશા છે.

બીજી તરફ રિક્ષાગેંગે ફરી ઉપાડો લીધો હતો. પ્રેમજીભાઇ દેવજીભાઇ મકવાણા નામના પ્રોઢે દોઢસો ફુટ રીંગ રોડ પર ઇન્દિરા સર્કલ પાસેથી રિક્ષા ભાડે કરી હતી. તેમાં અગાઉથી જ બીજા ત્રણ શખ્સો બેઠા હતાં. રિક્ષા આગળ જતાં આ શખ્સોએ ઉલ્ટી ઉબકાનો ઢોંગ કર્યો હતો. એ પછી ચાલકે મુસાફર પ્રેમજીભાઇએ આ ભાઇને દવાખાને લઇ જવા પડશે તમે ઉતરી જાવ કહીને ઉતારી મુક્યા હતાં. રિક્ષા જતી રહ્યા બાદ પ્રેમજીભાઇએ પોતાના પેન્ટના ખિસ્સામાં તપાસ કરતાં તેમાંથી રૂા. બાર હજારની રોકડ અને સાથે ડ્રાઇવીંગ લાયસન્સ ગાયબ હોઇ ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં હેડકોન્સ. કેલ્વીનભાઇ સાગરે ગુનો નોંધ્યો હતો. રિક્ષાગેંગને શોધવા ડી. સ્ટાફ અને એલસીબી ઝોન-૨ની ટીમ કામે લાગી છે. આવી ગેંગ અવાર-નવાર પકડાય છે અને જેલમાં જાય છે. ફરી નવી ગેંગ મેદાનમાં આવી પોલીસને પડકાર આપી જાય છે.

### કાલે નગરપાલિકા - તાલુકા પંચાયતની ચૂંટણી

# જેતપુર-નવાગઢ પાલિકાની ૪૪ બેઠકોની ચૂંટણીમાં ૧.૦૪ લાખ મતદારો

**૪૪ બેઠકોમાં ૧૫ બેઠકો સામાન્ય , જ્યારે ૬ બેઠકો પછાત વર્ગ સ્ત્રી, ૧ બેઠક અનુ. જાતિ સ્ત્રી, ૧૫ બેઠકો સામાન્ય સ્ત્રી, ૬ બેઠકો પછાત વર્ગ તેમજ ૧ બેઠક અનુ. જાતિ વર્ગ અનામત**

રાજકોટ, તા. ૧૪

રાજકોટ જિલ્લામાં જેતપુર-નવાગઢ નગરપાલિકાની ચૂંટણી માટે આગામી ૧૬મીએ મતદાન થનાર છે, ત્યારે સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ચૂંટણીમાં ૧૧ વોર્ડમાં કુલ ૧,૦૪,૫૫૯ મતદારો નોંધાયા છે. રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓની ચૂંટણી મુક્ત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં યોજવા જિલ્લા નોડલ અધિકારી નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમના માર્ગદર્શનમાં કામગીરી ચાલી રહી છે. જેતપુર-નવાગઢ પાલિકામાં હાલ રિટર્નિંગ ઓફિસરો શ્રી રાહુલ ગમારા (વોર્ડ ૧થી ૬) તથા શ્રી જય ગોસ્વામી (વોર્ડ ૭થી ૧૧) માર્ગદર્શનમાં ચૂંટણીમાં મતદાન માટેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

જેતપુર નવાગઢ પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકોમાં ૧૫ બેઠકો સામાન્ય છે. જ્યારે ૦૬ બેઠકો પછાત વર્ગ સ્ત્રી, ૦૧ બેઠક અનુ. જાતિ સ્ત્રી, ૧૫ બેઠકો સામાન્ય સ્ત્રી, ૦૬ બેઠકો પછાત વર્ગ તેમજ ૦૧ બેઠક અનુ. જાતિ વર્ગ અનામત છે.

આ પાલિકાના ૧૧ વોર્ડ વિસ્તારમાં કુલ ૧,૦૪,૫૫૯ મતદારો નોંધાયા છે. જેમાં વોર્ડ-૧માં ૯૨૮૭, વોર્ડ-૨માં ૯૮૨૮, વોર્ડ-૩માં ૯૬૪૬, વોર્ડ-૪માં ૧૦૨૭૫, વોર્ડ-૫માં ૮૭૪૮, વોર્ડ-૬માં ૯૧૯૬, વોર્ડ-૭માં ૭૩૨૩, વોર્ડ-૮માં ૯૧૪૮, વોર્ડ-૯માં ૧૦૩૯૫, વોર્ડ-૧૦માં ૯૪૦૫, વોર્ડ-૧૧માં ૧૧૩૦૮ મતદારો નોંધાયા છે.

આ ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મહત્ત્વનું છે કે, ચૂંટણીમાં દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે ૪૦ વ્હીલચેરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પાલિકા વિસ્તારમાં કુલ ૧૧ વોર્ડમાં ૧૧૮ મતદાન મથકો છે. જેમાંથી ૯૭ સંવેદનશીલ મતદાન મથકો છે. આ ચૂંટણીમાં કુલ ૧૧ વોર્ડમાં ૧૪૦ ઉમેદવારો મેદાનમાં છે. આ ચૂંટણીમાં કુલ ૬૮૬ ચૂંટણી સ્ટાફને ફરજ સોંપવામાં આવી છે. આ ચૂંટણીમાં આદર્શ આચારસંહિતાનું પાલન કરતા ૭૦ જેટલા પોસ્ટર, બેનર, ધ્વજ દૂર કરવામાં આવ્યા છે.

### ધોરાજી નગરપાલિકામાં ૬૮,૦૦૦ થી વધુ મતદારો

રાજકોટ જિલ્લામાં ધોરાજી નગરપાલિકાની ચૂંટણી માટે આગામી ૧૬મીએ મતદાન થનાર છે, ત્યારે સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓની ચૂંટણી મુક્ત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં યોજવા જિલ્લા નોડલ અધિકારી નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમના માર્ગદર્શનમાં કામગીરી ચાલી રહી છે. ધોરાજીમાં હાલ રિટર્નિંગ ઓફિસર નાગાજણ તરખલાના માર્ગદર્શનમાં ચૂંટણીમાં મતદાન માટેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. હાલ નગર પાલિકા વિસ્તારમાં નવ વોર્ડમાં ૮૫ મતદાન મથકોની રચના કરવામાં આવી છે. નગર પાલિકામાં આવેલા કુલ નવ વોર્ડમાં ૬૮,૩૫૬ મતદારો નોંધાયેલા છે. જેમાં ૩૪,૮૮૮ પુરુષ મતદાર છે જ્યારે ૩૩,૪૬૭ મહિલા મતદારો તેમજ અન્ય જાતિના એક મતદાર છે. વોર્ડ-૧માં ૩૮૨૪ પુરુષ તથા ૩૫૦૬ મહિલા મતદારો મળીને કુલ ૭૩૩૦ મતદારો નોંધાયેલા છે. વોર્ડ-૨માં ૩૭૭૧ પુરુષ તથા ૩૮૨૦ મહિલા મળીને કુલ ૭૫૯૧ મતદારો, વોર્ડ-૩માં ૩૮૯૮ પુરુષ તથા ૩૮૯૫ મહિલા મળીને ૭૭૯૩ મતદારો નોંધાયા છે. વોર્ડ-૪માં કુલ ૩૭૪૮ પુરુષ તથા ૩૪૦૫ મહિલા મળીને ૭૧૫૩ મતદારો છે. વોર્ડ-૫માં ૩૧૩૨ પુરુષ તથા ૩૦૮૬ મહિલા મળીને કુલ ૬૨૧૮ મતદારો છે. વોર્ડ-૬માં ૩૩૯૩ પુરુષ તથા ૩૪૭૧ મહિલા, તથા થર્ડ જેન્ડરના એક મળીને કુલ ૬૮૬૫ મતદારો, વોર્ડ-૭માં ૪૪૬૦ પુરુષ તથા ૪૨૭૦ મહિલા મળીને કુલ ૮૭૩૦ મતદારો, વોર્ડ-૮માં ૩૮૭૫ પુરુષ તથા ૩૬૫૦ સ્ત્રી મળીને ૭૫૨૫ મતદારો, જ્યારે વોર્ડ-૯માં ૪૭૮૭ પુરુષ તથા ૪૩૬૪ સ્ત્રી મળીને ૯૧૫૧ મતદારો નોંધાયા છે.

---

### શહેરમાં ચોર, ગઠીયા, લૂંટારાઓની કામગીરી વેગ પકડી રહી છેઃ ડિટેક્શન વચ્ચે વધુ એક ગુનો વધ્યો

## ચિલઝડપકારોએ વૃધ્ધાને બનાવ્યા શિકારઃ સોનાનો ચેઇન ખેંચાયો

**વૃધ્ધા પતિના વાહનમાં બેસીને સગાના ઘરેથી પોતાના ઘરે જતાં હતાં ત્યારે મોરબી રોડ એંસી ફુટ રોડ પર બે બાઇકસવાર કસબ અજમાવી ગયા**

રાજકોટઃ એક તરફ લૂંટારાઓને પોલીસ પકડી રહી છે તો બીજી તરફ ચિલઝડપકારો ફરીથી પોતાની કામગીરીને આગળ વધારી રહ્યા છે. ચિલઝડપનો વધુ એક બનાવ બન્યો છે. જેમાં આ વખતે વૃધ્ધ દંપતિ શિકાર બન્યું છે. મોરબી રોડ એંસી ફુટ રોડ પરથી વૃધ્ધ તેમના પત્નિને ટુવ્હીલરમાં બેસાડીને પસાર થઇ રહ્યા હતાં ત્યારે રાતે અગિયારેક વાગ્યે બાઇક પર આવેલા બે ચિલડપકાર વૃધ્ધના પત્નિના ગળા પર ઝોંટ મારી રૂપિયા પંચાણુ હજારનો સોનાનો ચેઇન ખેંચી ગયા હતાં. વિગતો પર નજર કરીએ તો બી-ડિવીઝન પોલીસે કુવાડવા રોડ ફોર્જ એન્ડ ફોર્જ પાછળ અંબીકા રેસીડેન્સી શેરી નં. ૧ વિસોત કૃપા ખાતે રહેતાં અને નિવૃત જીવન જીવતાં ઓગણસિત્તેર વર્ષના ભરતભાઇ ઓધવજીભાઇ પડીયાની ફરિયાદ પરથી બે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

વધુ માહિતી અનુસાર ભરતભાઇ પડીયાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહું છું. મારે ત્રણ દિકરા છે. ગુરૂવારે તેરમીએ હું અને મારા પત્નિ રંજનબેન મારા જ્યુપીટર ટુવ્હીલરમાં બેસીને મારા સાળાના દિકરા પરેશભાઇ ગુણવંતભાઇ દુબલ કે જેઓ જુના મોરબી રોડ પર ગીરીરાજ પાર્ટી પ્લોટ પાછળ સદ્ગુરૂ પાર્ક-૧માં રહે છે તેના ઘરે બેસવા ગયા હતાં. રાતે અગીયારેક વાગ્યે તયાંથી પરત અમારા ઘર તરફ જતાં હતાં ત્યારે ૮૦ ફુટ રોડ બોમ્બે એપાર્ટમેન્ટ પાસે પહોંચતા બે શખ્સ બાઇક પર આવ્યા હતાં.

જેમાં પાછળ બેઠેલા શખ્સે મારા પત્નિના ગળા પર ઝોંટ મારી દોઢ તોલાનો પેન્ડન્ટ સહિતનો ચેઇન ખેંચી લીધો હતો. જે આશરે ૯૫ હજારની કિંમતનો હતો. ચિલઝડપ કરનારા શખ્સે ભુરા બ્લુ રંગનું જેકેટ પહેરેલુ હતું. અંધારૂ હોઇ આ બંને તુરત જ ભાગી ગયા હતાં. તેના બાઇકના નંબર પણ નોંધી શકાયા નહોતાં. બી-ડિવીઝનના પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેની સુચના મુજબ એએસઆઇ કે. વી. ગોહિલે ગુનો દાખલ કર્યો હતો. ડી. સ્ટાફ, ડીસીબી, એલસીબીની ટીમ આરોપીઓને શોધવા કામે લાગી છે.

---

### માંડા ડુંગર પાસે કેબીનમાં દેશી દારૂ વેંચાતો હોવાનો કથીત વિડીયો વાયરલ થયો ને ધોંસ બોલી

## આજીડેમ પોલીસે બે લાખનો ‘દેશી’ ભરેલી કાર પકડી, છુટકીયા ધંધો કરનારા ૧૦ ઝપટે ચડ્યા

**આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં ઓચીંતા દરોડાઓથી દારૂના ધંધાર્થીઓમાં ભાગમભાગ**



રાજકોટઃ શહેરમાં વિદેશી તેમજ દેશી દારૂના ધંધાર્થીઓ પર પોલીસ સતત ધોંસ બોલાવી રહી છે. આજીડેમ પોલીસે બે લાખનો દેશી દારૂ ભરેલી એક કાર પકડી લીધો હતી તેમજ અન્ય દસ જેટલા દરોડા પાડી દસ શખ્સોને દેશી દારૂ સાથે પકડી લીધા હતાં. માંડાડુંગર વિસ્તારમાં પાનની કેબીનમાં દેશી દારૂનું વેંચાણ થઇ રહ્યું હોવાનો કહેવાતો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો હતો. દરમિયાન આજીડેમ પોલીસ ટીમો બનાવીને દેશીના ધંધાર્થીઓ પર તૂટી પડી હતી.

વિગતે વાત કરીએ તો કોન્સ. હરપાલસિંહ જાડેજા અને ગોપાલભાઇ બોળીયાની બાતમી પરથી કોઠારીયા ગામમાં વોચ રાખવામાં આવતાં એક શખ્સ નંબર વગરની આઇ-૨૦ કાર મુકીને ભાગી ગયો હતો. તેમાં તપાસ કરતાં રૂા. બે લાખનો ૧૦૦૦ લિટર દેશી દારૂ મળી આવતાં દારૂ, કાર મળી ૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તેમજ દેશી દારૂના ધંધાર્થીઓ પર પોલીસે તૂટી પડી માંડાડુંગર નાગબાઇ ચોકમાં રહેતાં રાજેશ કાળુભાઇ ચુડાસમાને રૂા. ૨૮૦૦ના ૧૪ લિટર દારૂ સાથે, લોઠડાની અનીતા અશોક મકવાણાને રૂા. ૩૪૦૦ના ૧૭ લિટર સાથે, ઇમરાન યુસુફભાઇ હાલાને રૂા. ૨૦૦૦ના ૧૦ લિટર દારૂ સાથે, આજીડેમ ચોકડી યુવરાજનગર-૧ના રામજી રવજીભાઇ સાડમીયાને રૂા. ૩૦૦૦ના ૧૫ લિટર દારૂ સાથે, સરધાર આનંદનગર ક્વાર્ટરના નરેન્દ્ર ભાણાભાઇ મકવાણાને રૂા. ૩૦૦૦ના ૧૫ લિટર દારૂ સાથે પકડ્યો હતો.

આ ઉપરાંત સરધાર જીઇબી પાસે રહેતાં ભરત સિતારામભાઇ કુબાવતને રૂા. ૨૨૦૦ના ૧૧ લિટર દારૂ સાથે, ઢાંઢણીના અનિલ બાવકાભાઇ જાદવને રૂા. ૧૦૦૦ના પાંચ લિટર દારૂ સાથે, શીતળાધાર ૨૫ વારીયાના રવિ દેવાભાઇ મુછળીયાને રૂા. ૨૪૦૦ના ૧૨ લિટર દારૂ સાથે તથા કોઠારીયા સોલવન્ટ ફાટક પાસેથી સુરેશ વરજાંગભાઇ દસાડીયાને રૂા. ૨૮૦૦ના ૧૪ લિટર દારૂ સાથે પકડી લેવાયો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત આ તમામ દરોડાની કાર્યવાહી આજીડેમ પીઆઇ એ. બી. જાડેજા, એએસઆઇ હારૂનભાઇ ચાનીયા, રવિભાઇ વાંક, હેડકોન્સ. પિયુષભાઇ ચિરોડીયા, દિગપાલસિંહ જાડેજા, કોન્સ. પ્રદિપસિંહ ગોહિલ, દિવ્યરાજસિંહ જાડેજા, ગોપાલભાઇ બોળીયા, મહેશભાઇ કોઠીવાળ, હરપાલસિંહ જાડેજા, દેવાભાઇ ધરજીયા, સંજયરાજ બારોટ અને વિશ્વરાજસિંહ પરમારે કરી હતી. દેશી વિદેશીના ધંધાર્થીઓ પર સતત પોલીસ દરોડા પાડી રહી છે. ત્યાં આજીડેમ પોલીસના ઓચીંતા દરોડાઓથી ધંધાર્થીઓમાં નાસભાગ મચી ગઇ હતી.

---

### સગીરાઓ ગૂમ થવાના, અપહરણના કિસ્સાઓમાં ચિંતાજનક રીતે વધારો

## હવે આજીડેમ પોલીસ મથક હેઠળના વિસ્તારમાંથી સગીરાનું થઇ ગયું અપહરણ

રાજકોટઃ શહેરમાંથી સગીરાઓ ગૂમ થવાના, અપહરણ નવાના બનાવો ચિંતાજનક રીતે વધી ગયા છે. હજુ ગઇકાલે જ એક સગીરાને ઉઠાવી જનારા શખ્સને યુનિવર્સિટી પોલીસ જસદણથી પકડી લાવી હતી. ત્યાં વધુ એક સગીરાનું અપહરણ થઇ ગયું છે.આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા સોલવન્ટ સિતારામ સોસાયટી પાસ રહેતાં મુળ બિહારના આધેડની ફરિયાદ પરથી અપહરણનો ગુનો દાખલ કરી પોલીસે અપહતે શોધી કાઢવા મહેનત આદરી છે.

વિગતો જોઇએ તો આધેડ કેટલાક મસયથી રાજકોટ રહી છુટક મજૂરી કરે છે. સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. જેમાં બીજા નંબરની સત્તર વર્ષની દિકરીનું અજાણ્યો શખ્સ અપહરણ કરી ગયો છે. આધેડે પોલીસને જણાવ્યું હતું કે તા. ૩/૨ના રોજ હું અને પત્નિ સવારે મજુરી કામે ગયા હતાં. બપોરે એકાદ વાગ્યે જમવા આવ્યા હતાં અને બે વાગ્યે ફરી કામે જતા રહ્યા હતાં. આ વખે અમારા બાળકો ઘરે જ હતાં. સાંજે સાડા છએક વાગ્યે પરત ઘરે આવ્યા ત્યારે સત્તરવર્ષની દિકરી ઘરે ન હોઇ બીજા સંતાનને પુછતાં કહમેલુ કે તેણી બપોરે ત્રણેક વાગ્યે બજારમાં જવાનું કહીને ઘરેથી નીકળ્યા પછી પાછી આવી નથી.

આ પછી અમે દિકરીને શોધવા માટે સગા સંબંધીને ત્યાં અને બજારમાં તપાસ કરી હતી. પરતુ તેનો કોઇ પત્તો મળ્યો નહોતો. આ પછી પોલીસને જાણ કરી હતી. તેણી ઘરેથી નીકળી ત્યારે લાલ કલરનું ટોપ અને લાલ કલરની લેગીંગ પહેરી હતી. તે વાને ઘઉવર્ણી છે અને ઉંચાઇ આશરે પાંચ ફુટ છે. તેણીને કોઇ લલચાવી ફોસલાવી ભગાડી ગયાનો ગુનો પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાની માર્ગદર્શન હેઠળ દાખલ કરી પીએસઆઇ એ. આર. રાઠોડ અને ટીમે સીસીટીવી કેમેરા ચેક કરવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

---

## ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે હાથ ધરાશે મિલકતોનો સર્વે

**નવીનતમ ટેક્નોલોજી આધારીત હાથ ધરાશે કામગીરી શહેરીજનોને સહકાર આપવા મનપાની અપીલ**

રાજકોટ, તા. ૧૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તેના આગામી વર્ષના બજેટમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ની જે સ્થિતિ અને જે પ્રશ્નો ઊભા થતા હતા તેનો નિવારણ લાવવા માટે હાલ મિલકતોનો સર્વે હાથ ધરવામાં આવશે જે માટે વિભાગના કર્મચારીઓની સાથોસાથ સર્વે કરનારી ટીમ પણ હાજર રહેશે ત્યારે મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને એ વાતની અપીલ કરવામાં આવી છે કે જ્યારે આ સર્વે હાથ ધરવામાં આવે ત્યારે તેઓ મહાનગરપાલિકાના સ્ટાફને અને સર્વેમાં આવેલી ટીમને પૂરતો સાત સહકાર આપે.

જો આ ટેકનોલોજીની અમલવારી યોગ્ય રીતે કરવામાં આવશે તો ભવિષ્યમાં હાલજે ગાર્બેજ કલેક્શનનો જે પ્રશ્ન છે તેમાં ઘણાખરા અંશે નિવારણ લાવવામાં આવશે એટલું જ નહીં જે સમસ્યા રાજકોટના લોકો ભોગવી રહ્યા છે તેમાં પણ તેઓને રાહત મળશે હાલ આ માટે જરૂરી છે કે સુધારવામાં આવે તો જ રાજકોટનો ખરા અર્થમાં વિકાસ શક્ય બનશે.

રાજકોટ શહેરમાં સમાવિષ્ટ વોર્ડ વિસ્તારમાંથી મિનિ ટીપર વાહનો મારફતે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની નવીનતમ ટેક્નોલોજી આધારીત શહેરના દરેક ઘર, ઓફિસ, દુકાન, રેસ્ટોરન્ટ, હોટેલ, લારી-ગલ્લા, ક્લીનિક, હોસ્પિટલ, કોમ્યુફનિટી હોલ, જ્ઞાતિની વાડી, પાર્ટી પ્લોટ વિગેરેનો સર્વે થનાર છે, જે સર્વે એજન્સીના સ્ટાફ દ્વારા થનાર છે, જે એજન્સીના સ્ટાફ સ્થળ પર આવી વોર્ડ વિસ્તારના દરેક ઘર, ઓફિસ, દુકાન, રેસ્ટોરન્ટ, હોટેલ, લારી-ગલ્લા, ક્લીનિક, હોસ્પિટલ, કોમ્યુનનિટી હોલ, જ્ઞાતિની વાડી, પાર્ટી પ્લોનટ વિગેરેના ફોટા લેવામાં આવશે, તેઓ દ્વારા મિલકત સંબધી કોઈપણ સવાલ કરવામાં આવશે નહીં, આ સર્વે માત્ર ને માત્ર મિલકત ગણતરીનો સર્વે છે.

સર્વે કરવા આવનાર એજન્સીનો સ્ટાફ તેઓના ફોટા સાથે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા લગત ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેર દ્વારા સહી કરી પ્રમાણીત કરેલ ઓળખ કાર્ડ સાથે જ આવનાર છે. તો દરેક મિલકત ધારકને રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા સર્વે કરવા આવનાર એજન્સીના સ્ટાફને પૂરતો સહકાર આપવા આથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

---

## ચિ. કુમાર સિદ્ધરાજસિંહજી જાડેજાના ૦૨ માર્ચે સૌ,કા,ચિ.ભુમેશ્વરીબા સાથે શુભલગ્ન

લોધિકા તાલુકાના પાળ ગામ નિવાસી મહાવીરસિંહ રૂગનાથસિંહજી જાડેજાના નાનાભાઈ ધર્મેન્દ્રસિંહજી જાડેજાના સુપુત્ર કુમાર ચિ. સિદ્ધરાજસિંહજીના શુભ લગ્ન તા. ૦૨-૦૩-૨૦૨૫ના રોજ, મૂળ ગુંદી હાલ ભાવનગર નિવાસી રા.રા. અનિરુદ્ધસિંહ વજુભાબાપુ ગોહિલના સુપુત્રી સૌ.કા.ચિ.ભુમેશ્વરીબા સાથે નિરધાર્યા છે.શુભલગ્ન પ્રસંગે આયોજિત માંગલિક પ્રસંગોમાં તા. ૨૮.૦૨.૨૦૨૫ના રોજ સવારે ૮-૦૦ વાગ્યે પાટે બેસાડવાનું મુહુર્ત/ માળા રોપણ, સવારે ૯-૦૦ વાગ્યે વેલ બરોટવાનું શુભ મુહુર્ત, તા. ૦૧.૦૩.૨૦૨૫ના રોજ સવારે ૭-૩૦ વાગ્યે ગણેશ સ્થાપના, સવારે ૮-૦૦ વાગ્યે મંડપ રોપણ, રાત્રીના ૯-૩૦ કલાકે દાંડિયા રાસ, તા. ૦૨.૦૩.૨૦૨૫ના રોજ સાંજે ૬-૧૫ વાગ્યે સામા ચડવાનો સમય તેમજ સાંજે ૮-૦૦ વાગ્યે હસ્તમેળાપ યોજાશે.

શુભ લગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનોએ સમયસર ઉપસ્થિત રહીને નવદંપતિને આશીર્વાદ આપવા મહાવીરસિંહ રૂગનાથસિંહજી જાડેજા, ભરતસિંહ રૂગનાથસિંહજી જાડેજા, બળવંતસિંહ રૂગનાથસિંહજી જાડેજા, ધર્મેન્દ્રસિંહ રૂગનાથસિંહજી જાડેજા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.



## રવિવારે કુમાર માંધાતાસિંહજી સૌ.કા.કાદમ્બરીબાના લગ્નના ઢોલ ઘંટેશ્વર પાર્ક ખાતે ઢબૂકશે

રાજકોટ મિરરઃ મૂળ દેવચડી, હાલ રાજકોટ નિવાસી એડવોકેટ બલભદ્રસિંહ જોરાવરસિંહ ચુડાસમાના કુંવર ચિ.માંધાતાસિંહજીના શુભ લગ્ન, મૂળ મોરાણા હાલ ગોંડલ નિવાસી નારૂભા હાલુભા જેઠવાના કુંવરીબા સૌ.કાં. ચિ.કાદમ્બરીબા સાથે તા. ૨૩.૦૨.૨૦૨૫ને રવિવારે નિરધાર્યા છે.

જામનગર રોડ પર, સૈનિક સોસાયટી સામે આવેલી હોટેલ ઘંટેશ્વર પાર્કમાં યોજાનાર શુભલગ્ન પ્રસંગે યોજેલા માંગલિક પ્રસંગોમાં તા. ૨૧ ને શુક્રવારે, શુભ નિવાસેથી બપોરે ૨-૪૫ વાગ્યે વેલ પ્રસ્થાન, સાંજે ૫ વાગ્યે અક્ષરનગર મેઈન રોડ સ્થિત નિવાસ સ્થાને ગાંધીગ્રામ પાસે સાંજીના ગીત, તા. ૨૨ ના રોજ ઘંટેશ્વર પાર્કમાં સાંજે ૬-૦૦ વાગ્યે દાંડિયા રાસ, તા. ૨૩ ને રવિવારે સવારે ૯-૦૦ વાગ્યે મંડપ મુહુર્ત, સાંજે ૫-૦૦ વાગ્યે સામે ચડવાનું મુહુર્ત તેમજ સાંજે ૬-૧૫ વાગ્યે હસ્તમેળાપ યોજાશે.

શુભલગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનોએ સમય હાજરી આપી નવદંપતીને આશીર્વાદ આપવા ઉપસ્થિત રહેવા ચુડાસમા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

વાવડીના પંપમાં થયેલી લૂંટનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલ્યો તે સાથે ચોંકાવનારી વિગતો સામે આવીઃ ફિલરમેન ભર ઉંઘમાં હતો ત્યારે જ ધોકા-હથોડીના બેફામ ઘા ઝીંકી લૂંટ ચલાવી હતીઃ ક્રાઇમ શો જેવો ફુલપ્રુફ પ્લાન બનાવ્યો હતો

# રૂપિયાની લાલચે બે વિદ્યાર્થી સહિત ત્રણને લૂંટારા બનાવી દીધા!

## સીસીટીવીમાં ન આવે એ માટે રિક્ષા પંપથી એક કી.મી. દૂર રાખી પાછળના રસ્તેથી ચાલીને બુકાની બાંધીને આવ્યા હતાંઃ બે પેટી જેવી રકમ મળવાની આશા હતી, પણ મળ્યા તેર હજારઃ દસેક હજાર વાપરી નાંખ્યા

રાજકોટઃ આજના સમયમાં અમુક સગીરો, લવરમુછીયાઓ દેખાદેખીમાં કે પછી રૂપિયાની ખેંચ દૂર કરવા અને મોજશોખ માટે ભરપુર રૂપિયા ટુંકા રસ્તે મેળવવા ગુનાખોરીના રવાડે ચડી જતાં હોવાના કિસ્સા અવાર-નવાર બહાર આવે છે. ત્યાં એક ચોંકાવનારી ઘટનાનો પર્દાફાશ ક્રાઇમ બ્રાંચે કર્યો છે. શહેરના વાવડીમાં આવેલા એચપીના પેટ્રોલ પંપ ખાતે ગત પાંચમી તારીખે રાતે ત્રણેક વાગ્યે ત્રણ બુકાનીધારી લૂંટારૂ ત્રાટક્યા હતાં અને પેટ્રોલ પંપ ખાતેની ઓફિસમાં ફિલરમેને વિષ્ણુભાઇ ગોસ્વામી સુતો હોઇ તેને ભરઉંઘમાં જ આડેધડ હથોડી અને બેઝબોલના ધોકાના ઘા ફટકારી ગંભીર ઇજા પહોંચાડી ઓફિસમાંથી રૂા. ૧૩ હજારની રોકડની લૂંટ ચલાવી હતી. પોલીસે આ ઘટનાનો ભેદ ઉકેલ્યા તે સાથે ચોંકાવનારી વિગતો પણ ખુલી છે. જે ત્રણ ઝડપાયા છે તેમાં એક સગીર સહિત બે વિદ્યાર્થીઓ છે. એક રિક્ષાવાળો છે. ચોંકાવનારી વાત એ છે કે આ સમગ્ર પ્લાન જ સગીરે ઘડ્યો હતો અને બે મિત્રોનો સાથ લઇ ખોફનાક ઘટનાને અંજામ આપ્યો હતો. આશા તો બે પેટી જેવી રકમ મળવાની હતી પણ જે મળ્યું તે લૂંટીને ભાગી ગયા હતાં.શહેરભરમાં ચકચાર જગાવનારી સનસનાટીભરી આ ઘટનાનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલી એક સગીર અને તેના બે મિત્રોને દબોચી લઇ રિક્ષા, રોકડ, હથોડી, ધોકો, મોબાઇલ ફોન કબ્જે લીધા છે. સુત્રધાર એવો સગીર આ પેટ્રોલ પંપમાં મોટી રોકડ રહેતી હોવાની વાતથી વાકેફ હોઇ પૈસાની જરૂર હોવાથી બે મિત્રો સાથે મળી પ્લાન ઘડ્યો હતો અને તેને અંજામ આપ્યો હતો. તારીખ પાંચ ફેબ્રુઆરીના રાત્રીના ત્રણેક વાગ્યાના સમયે વાવડીમાં આવેલા એચ.પી. કંપનીના વાવડી ફ્યુલ્સ નામના પેટ્રોલ પંપમાં ત્રણ બુકાનીધારી ઘુસી ગયા હતાં અને પંપની ઓફિસમાં ફીલરમેન વિષ્ણુ ગોસ્વામી ચાદર ઓઢીને સુતો હોઇ તેના પર ભરઉંઘમાં જ ધોકા-હથોડીના ઘા ઝીંકી બાદમાં ઓફિસમાંથી તેર હજારની રોકડ લૂંટી ત્રણેય ભાગી ગયા હતાં. આ લૂંટનો ગુનો ક્રાઇમ બ્રાંચના હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, વિજયરાજસિંહ જાડેજા, હરસુખભાઇ સબાડ અને કોન્સ. પ્રદિપસિંહ જાડેજાની બાતમી પરથી ઉકેલી નાંખ્યો છે.




પોલીસે વીસ વર્ષિય પ્રતિક પિયુષભાઇ દત્તા (રહે. ગીતાનગર મેઇન રોડ શિવ મેડીકલ સામે, એસટી વર્કશોપ પાછળ, ગોંડલ રોડ) તથા વીસ વર્ષિય રાહુલ નવઘણભાઇ મીર (રહે. ખોડિયારનગર-૧૧, પાવર હાઉસવાળી શેરી, ૧૫૦ રીંગ રોડ) તથા એક સત્તર વર્ષના કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરને જામનગર રોડ એસઓજીની ઓફિસ પાછળ આવેલા નીતી ડાઇનીંગ હોલ પાસેથી ઝડપી લઇ લૂંટમાં વાપરેલી રૂા. ૧ લાખની રિક્ષા જીજે૦૩સીટી-૨૦૭૨, રૂા. ૨ હજાર રોકડા, બેઝબોલ, હથોડી અને એક મોબાઇલ ફોન કબ્જે કર્યા હતાં. તપાસમાં ખુલ્યા મુજબ પ્રતિક રિક્ષા હંકારે છે અને રાહુલ અભ્યાસ કરે છે. જ્યારે ત્રીજો સગીર છે તે આ લૂંટનું કાવત્રુ ઘડનારો મુખ્ય સુત્રધાર છે. તપાસમાં ખુલ્યા મુજબ મુખ્ય સુત્રધાર એવો આ સગીરની પેટ્રોલ

### મુખ્ય સુત્રધાર સગીર વયનો છેઃ પંપમાં રાતે એક જ માણસ હોય છે, ચોકીદાર હોતા નથી, મોટી રકમ હોય છે એ તમામ વિગતોની રેકી કરી મિત્રોનો સાથ લઇ કાવત્રુ પાર પાડ્યું હતું

પંપ ખાતે આવ-જા રહેતી હોઇ જેના કારણે તે જાણતો હતો કે અહિ મોટી રકમ હોય છે. સગીર અને તેના બંને મિત્રો રાહુલ તથા પ્રતિકને પંપમાં લૂંટ કરવાથી ૨૦ લાખ જેવી રકમ મળશે અને રાતે મોટે ભાગે એક જ કર્મચારી હોય છે તેથી લૂંટમાં સરળતા રહેશે તેવી વાત કરતાં આ બંને પણ મોટી રકમ ભાગે આવશે તેવી લાલચમાં આવ્યા હતાં. પ્લાન મુજબ પ્રતિક પોતાની રિક્ષામાં બેઝબોલનો ધોકો અને હથોડી લઇને આવ્યો હતો. એ પછી રાહુલ અને સગીરને બેસાડી ત્રણેય મોડી રાતે ત્રણેક વાગ્યે પેટ્રોલ પંપ તરફ રવાના થયા હતાં. એકાદ કિ.મી. દૂર જ્યાં સીસીટીવી કેમેરા નહોતાં ત્યાં રિક્ષા મુકીને પંપ પાછળના ભાગે ચાલીને લપાતા છુપાતા પહોંચી ગયા હતાં.

જો કે એ પહેલા પંપ ખાતે બીજા કોઇ લોકોની અવર-જવર નથી તેની ખાત્રી કરી લીધી હતી.

ઓફિસમાં ફિલરમેન ચાદર ઓઢીને સુતો હોઇ તેના પર રીઢા ગુનેગારની જેમ ક્રુરતાથી બેઝબોલના ધોકા અને હથોડીના આડેધડ ઘા ફટકાર્યા હતાં. આ કારણે માથામાં તમ્મર ચડી જતાં ફીલરમેન ઉભો થઇ શક્યો નહોતો. એ પછી એક શખ્સ હથોડી લઇને માથે ઉભો હતો અને બીજા બેએ ઓફિસમાં ખાખાખોળી કરતાં ૧૩ હજારની રોકડ મળી હતી. પંપમાં લૂંટ કરવાથી બે પેટી એટલે કે વીસેક લાખ મળવાની આશા હતી પરંતુ નાની રકમ જ હાથ આવતાં તે લઇને ત્રણેય ભાગી ગયા હતાં અને પોતપોતાની ઘરે જઇ સુઇ ગયા હતાં. બાદમાં બીજા દિવસે મોજશોખમાં રકમ વાપરી નાખી હતી.ઝડપાયેલા આરોપીઓને વિશેષ તપાસ માટે આરોપીઓને તાલુકા પોલીસને સોંપવામાં આવ્યા હતાં. આ ગુનાનો ભેદ ઉકેલવાની કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, પીએસઆઇ એ. એન. પરમાર, એમ. કે. મોવલીયા, એએસઆઇ જલદિપસિંહ વાઘેલા, હિતેન્દ્રસિંહ ઝાલા, હરદેવસિંહ જાડેજા, અશોકભાઇ કલાલ, હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, વિજયરાજસિંહ જાડેજા, હરસુરભાઇ સબાડ, રાજેશભાઇ જળુ, અમિતભાઇ અગ્રાવત, સંજયભાઇ રૂપાપરા, સુભાષભાઇ ઘોઘારી, કોન્સ. પ્રદિપસિંહ જાડેજા, સંજયભાઇ ખાખરીયા, તુલસીભાઇ ચુડાસમા, મોહીલરાજસિંહ ગોહિલ, મહાવીરસિંહ, ગોપાલભાઇ, અર્જુનભાઇની ટીમે કરી હતી. પૈસા માટે અમુક છાત્રો, સગીરો, લવરમુછીયાઓ કઇ હદ સુધી જાય છે અને ગુનાખોરીના રસ્તે ચડી જાય છે તેનો આ ઘટના પરથી પુરાવો મળી રહ્યો છે.

# દારૂમાં અમારું નામ દીધુ ને? હવે તને છરીના ઘા જ મારી દેવા છે, રાજકોટમાં તો દેખાતો જ નહિ!

## પરશુરામ મંદિર પાસે રહેતાં પાનવાળા ખુશાલને બે શખ્સોએ ફોનમાં ધમકી દઇ અપમાનીત કર્યોઃ એટ્રોસીટી હેઠળ યુનિવર્સિટી પોલીસે એફઆઇઆર દાખલ કરી

રાજકોટઃ શહેરમાં અલગ અલગ કારણોસર મારામારી, ધમકીના બનાવો રોજ પોલીસ ચોપડે ચડે છે. વધુ એક બનાવમાં નવા દોઢસો ફુટ રીંગ રોડ પર પરશુરામ મંદિર પાસે રહેતાં પાનના ધંધાર્થીને બે શખ્સોએતે કેમ દારૂના કેસમાં અમારુ નામ દીધું? હવે તને છરીના ઘા મારી દેવા છે તેમ કહી ધમકી દઇ રાજકોટમાં નહિ દેખાવાનું કહી તેની જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં એટ્રોસીટીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે



આ કિસ્સાની વિગતો પર નજર કરીએ તો નવા દોઢસો ફુટ રીંગ રોડ પર પરશુરામ મંદિર પાસે રહેતાં અને રૈયા ગામમાં મુક્તિધામ પાસે પાનની કેબીન ચલાવતાં ત્રેવીસ વર્ષના ખુશાલ હમિરભાઇ મેરીયાની ફરિયાદ પરથી દિવ્યરાજસિંહ ઝાલા અને શક્તિસિંહ નામ ધારણ કરી ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરનારા શખ્સો સામે યુનિવર્સિટી પોલીસ દ્વારા એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે. ખુશાલે જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને પાનની દૂકાન ચલાવુ છું. અમે ત્રણ ભાઇઓ છીએ. જેમાં મોટા ભાઇ જયદિપભાઇનું અગાઉ પડધરીના ઢોકળીયા ગામે મર્ડર થયું હતું. તેનાથી નાનો હું છું અને મારાથી નાનો રાહુલ છે. મારા પિતા આરએમસીમાં કોન્ટ્રાક્ટ બેઝથી ડ્રાઇવીંગ કરે છે. એક મહિના પહેલા મારા ઉપર ચોવીસ બોટલ દારૂનો કેસ થયો હતો.

પોલીસની પુછપરછ થતાં આ દારૂ મેં રૈયા ગામના મુકેશ વાળંદપાસેથી લીધો છે તેવું પોલીસની પુછતાછમા મારા નિવેદનમાં લખાવી દીધુ હતું. બાદમાં આ કેસમાં બાદમાં હું છુટી ગયો હતો. ત્યારબાદ હું તથા મારા સગા મહેશ પરમાર એમ બંને ત્રંબા અમારા સગા રાજુભાઇના ઘરે ગયા હતાં ત્યારે મુકેશે વાળંદનો ફોન આવતાં મેં ફોન રિસીવ કરતાં વાત કરનાર શખ્સે હું દિવ્યરાજસિંહ ઝાલા બોલુ છું કહી મને ગાળો દઇ તે કેમ દારૂના કેસમાં મારુ નામ દીધુ? હવે તું ઘરની બહાર નીકળતો નહિ, રાજકોટમાં દેખાઇશ તો મારી નાખીશ, તારે મારી ઉપર એટ્રોસીટી કરવી હોય તો કરી નાંખજે કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યો હતો. આ ઉપરાંત બીજા દિવસે હું પરશુરામ મંદિર પાસે મારા ઘરે હતો ત્યારે ફરી ફોન આવ્યો હતો અને દિવ્યરાજસિંહ ઝાલાના ભાઇ શક્તિસિંહ બોલુ છું તેમ કહી એ શખ્સે પણ મારા ભાઇનું કેસમાં નામ આપ્યું હતું ને હવે તારે ફરિયાદ કરવી હોય તો કરી દેજે, તને છરીના ઘા મારી દેવા છે તેમ કહી ફરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યો હતો.

યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદશન અનુસાર એએસઆઇ જે. આઇ. ઝાલાએ એફઆઇઆર દાખલ કરતાં એસસીએસટી સેલના એસીપી દ્વારા વિશેષ તપાસ શરૂ થઇ છે.

# દારૂની ૨૩૮ બોટલ સાથે પાંચ ઝડપાયા

## રૂ. ૩.૬૧ લાખનો મુદ્દામાલ કબજે કરતી એ-બી ડીવીજન, થોરાળા તેમજ આજીડેમ પોલીસ

રાજકોટ મિરર તા.૧૪

શહેરના જુદા જુદા વિસ્તારમાં પોલીસે ૪ સ્થળે દરોડા પાડી ૩.૬૧ લાખના મુદમાલની ૨૩૮ બોટલ કબજે કરી ૫ શખ્શોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ પી.સી.બી પોલીસના કોન્સ. યુવરાજસિંહ રાણા, હેડ. કોન્સ. કુલદીપસિંહ જાડેજા, કોન્સ. વિજયભાઈ મેતા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમ્યાન કુવાડવા રોડ લાલજી મૂળજી ટ્રાન્સપોર્ટ પાસે પહોંચતા બાતમી મળી હતી કે રવી હિરપરા નામનો શખ્શ બેટરીના બોક્સમાં કવરિંગ કરી વિદેશી દારૂની બોટલો મંગાવી છે. અને આ વિદેશી દારૂની બોટલો લાલજી મૂળજી ટ્રાન્સપોર્ટમાંના ગોડાઉનમાં રવિ હિરપરા બોક્ષ લાવ્યો હતો. બાતમી બાદ પોલીસે દરોડો પાડતા મોરબી રોડ રાધિકા પાર્કમાં રહેતા રવિ રાઘવજીભાઈ હિરપરાને ઝડપી પાડ્યો હતો. અને પૂછપરછ કરતા દારૂ મોરબી રોડ સેટેલાઈટ ચોક પર રહેતા રસિક જયંતીભાઈ દુધાગરાએ ગુડગાંવ હરિયાણાથી બેટરીના બોક્સમાં કવરિંગ કરી બોટલો પાર્સલ કરી ટ્રાન્સપોર્ટમાં મોકલેલ હોવાનું જણાવ્યું હતું. પોલીસે તપાસ કરતા વિદેશી દારૂની કુલ ૧૯૧ બોટલ હાથ લાગી હતી. પોલીસે દારૂની બોટલ સહિત રૂ. ૧,૩૯,૫૧૭નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી કરી હતી.

જ્યારે બીજા દરોડામાં થોરાળા પોલીસ સ્ટેશનના એ.એસ. આઇ ભાવેશભાઈ વોસવેલીયા, હરદીપસિંહ ઝાલા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન આજી જી.આઇ.ડી.સી. મેઇન રોડ પર આવતા બાતમી મળી હતી કે આજી જી.આઇ.ડી.સી. મેઈન રોડ પર સ્વાતિ એન્ટરપ્રાઇઝ નામના કારખાનાની સામે કારખાના દરવાજા પાસે જી.જે. ૦૩ એમ.ઇ. ૩૫૬૮ નંબરની કારમાં દારૂનો જથ્થો છે. બાતમી પરથી પોલીસે કાર તપાસતા કારમાં કોઈ હાજર મળ્યું ન હતું. પણ તેમાંથી દારૂની ૨૩ બોટલ જોવા મળી હતી. પોલીસે દારૂ સહિત રૂ. ૨,૧૧,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ત્રીજા દરોડામાં એ ડિવિઝન પોલીસ સ્ટેશનના કલ્પેશભાઈ દક્ષિણી, મિહિરભાઈ કાનાવત સહિતના સ્ટાફ પેટ્રોલિંગ દરમ્યાન બાતમી મળી હતી કે સોની બજાર ખોજા નાકા ચોક એસ. કે ગોલ્ડ કોમ્પ્લેક્સના ત્રીજા માળે વી. એસ. જવેલર્સની દુકાનમાં શત્રુધન સામંત નામના શખ્શે વિદેશી દારૂનો જથ્થો સંતાડ્યો છે.પોલીસે બાતમીવાળી જગ્યાએ પહોચી તપાસ કરતા ત્યાંથી રામનાથ પરા શેરી નંબર ૪ માં રહેતો શત્રુધન બસારીભાઈ સામંત અને જુમ્મા મસ્જિદ ચોક રામનાથ પરામાં રહેતો અભિજીત તરુણભાઈ એમ બે શખ્સ રૂ.૭૮૦૦ની દારૂની ૧૮ બોટલ સાથે પકડતા તેમની સામે ધોરણસરની કાર્યવાહી કરાઈ હતી. ચોથા દરોડામાં આજીડેમ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ દેવાભાઈ ધરજીયા પો. કોન્સ. સંજયરાજ બારોટ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન ખોખડધર ગામથી આગળ ઝટકો પાવર હાઉસ પાસે એક શખ્શ શંકાસ્પદ હાલતમાં જોવા મળતા તેમની પૂછપરછ કરવામાં આવતા તે દાહોદના ધાનપુર તાલુકાના મંડોર ગામમાં રહેતો શૈલેષ દિતાભાઈ પરમાર હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તેમની પાસેથી રૂ.૩૨૭૦ની દારૂની ૬ બોટલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### જુગાર રમતા પકડાયો

પી.સી.બી પોલીસના સ્ટાફને બાદમી મળી હતી કે જેનીશ પરમાર નામનો શખ્સ એસ્ટ્રોન ચોક પાસે જાહેર શૌચાલયની દિવાલ પાસે ઉભો છે

અને પોતાના ફોનમાં આઈડી મારફતે વરલી જુગાર રમી રહ્યો છે. પોલીસે દરોડો પાડી એકતા એપાર્ટમેન્ટ, અમૃતા સોસાયટીમાં રહેતા જેનીશ સુરેશભાઈ પરમારને રૂ.૫૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પડી એ ડીવીઝન પોલીસમાં તેમની સામે ગુન્હો નોંધાવ્યો હતો.

# દુનિયા ફર્યા પણ ગોંડલ જેવું માર્કેટ યાર્ડ ક્યાંય ન જોયું : રશિયન વેપારી

## મગફળી ખરીદી ગોંડલના યાર્ડમાં પહોંચતા રશિયન વેપારીઓ






કુલદીપસિંહ જાડેજા - ગોંડલ)

રાજકોટ મિરર, ગોંડલ તા.૧૪

સૌરાષ્ટ્રના અગ્રીમ અને ખેડૂતોના ગણાતા ગોંડલ યાર્ડમાં આવતી, વેચાતી જણસી સમયાંતરે દેશના સીમાડા વટાવી રહી છે. એટલેકે ફોરેન કન્ટ્રીના વેપારીઓ પણ નિયમિત ગોંડલના યાર્ડની મુલાકાત લઈને નાની-મોટી ખરીદી કરી પોતપોતાના દેશમાં વેચે છે. સરવાળે ગોંડલનું માર્કેટ યાર્ડ વિદેશમાં પણ નામના મેળવી રહ્યું હોવાનું યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું.



વધુ વિગતો આપતા અલ્પેશભાઈએ જણાવ્યું હતું કે, આજે રશિયન વેપારીઓની ટીમ યાર્ડની મુલાખાતે અને ખાસ કરીને મગફળીની ખરીદી માટે આવી હતી.

રશિયાની સૌથી મોટી કંપની અવંતા સ્નેકસ ચોકલેટની ટીમે યાર્ડની મુલાકાત લીધી ત્યારે યાર્ડમાં ખરીદાતી-વેચાતી ખેત જણસ, સુવિધાઓ, વ્યવસ્થાઓ અંગે ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા તેમજ વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા દ્વારા વિસ્તૃત વિગતો આપીને સન્માન કર્યું હતું.

સમયાંતરે ગોંડલ યાર્ડની કોઈ વિદેશી દેશના વેપારીઓ ખરીદી માટે મુલાકાત લ્યે ત્યારે વિદેશી મહેમાનોના અભિપ્રાય લેખિતમાં લેવામાં આવે છે. ત્યારે રશિયન ટીમના વેપારીઓએ અચરજ વ્યક્ત કરી પોતાના અભિપ્રાયમાં લખ્યું છે કે, માર્કેટ યાર્ડ માટે તો દુનિયા ફર્યા પણ ગોંડલ જેવી માર્કેટ યાર્ડ ક્યાંય જોવા મળી નથી. અર્થાત રશિયન વેપારીઓએ યાર્ડ જોઇને ખુશી વ્યક્ત કરી હોવાનું યાર્ડના ચેરમેન- વાઇસ ચેરમેને જણાવ્યું હતું.

# ધોરાજીમાં પક્ષ વિરોધી પ્રવુત્તિ કરતા ભાજપના ત્રણ સભ્યોને કરાયા સસ્પેન્ડ

## નગરપાલિકાની ચૂંટણી પહેલા જ રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાએ પછાડ્યો શિસ્તનો ધોકો

રાજકોટ મિરર, તા.૧૪

રાજકોટ જીલ્લાના પાંચ શહેરોમાં નગરપાલિકાની ચૂંટણી પ્રચારના પડઘમ આજથી શાંત થઇ ગયા છે. ત્યારે ધોરાજીમાં પક્ષ વિરોધી પ્રવુતિ કરનાર અને અન્ય બેનર હેઠળ ચૂંટણીમાં દાવેદારી નોંધાવનાર ભાજપના ત્રણ સભ્યોને આગામી ૬ વર્ષ સુધી ભાજપમાંથી સસ્પેન્ડ કરી રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાએ આકારો મિજાજ બતાવ્યો છે. આ અંગે ધોરાજી શહેર ભાજપ પ્રમુખને પત્ર લખી જીલ્લા ભાજપ પ્રમુખે જણાવ્યું છે કે, ધોરાજી શહેરની નગરપાલિકાની ચૂંટણીમાં તમારા પ્રાથમિક, સક્રિય તેમજ ટેકેદાર ત્રણ ઉમેદવારોએ ભાજપના વ્હીપની વિરુદ્ધમાં જઈને ભાજપના ઉમેદવાર સામે ફોર્મ ભરી, પક્ષ વિરોધી પ્રવુતિ કરી હોવાથી ભાજપના તમામ હોદ્દા પરથી ત્રણેયને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ત્રણેય સસ્પેન્ડ સભ્યોમાં વોર્ડ-૧માં સોનલબેન શૈલેશભાઈ બાલધા નગરપાલિકાના પૂર્વ સદસ્યા છે અને તેમણે સ્થાનિક નગરપાલિકામાં કોંગ્રેસમાંથી ઉમેદવારી નોધાવી છે. વોર્ડ-૧ના પરેશભાઈ જયસુખભાઈ પંડ્યા ન.પા.ના પૂર્વ સભ્ય છે અને ભાજપના સક્રિય સભ્ય હોવા છતાં અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે અને જયેશભાઈ રવજીભાઈ વઘાસીયા નગરપાલિકાના પૂર્વ સદસ્ય હોવા ઉપરાંત પક્ષ વિરોધી પ્રવુત્તિ કરતા હોવાથી આ ત્રણેય સભ્યોને સસ્પેન્ડ કરાયા છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા જ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાએ શિસ્તનો ધોકો પછાડી ઉપરોક્ત ત્રણેયને સસ્પેન્ડ કર્યાની ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, સંગઠન મંત્રી રાત્નાકરજી, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી વિનોદભાઈ ચાવડા અને સંગઠન પ્રભારી ધવલભાઈ દવેને જાણ કરતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે.



# યમરાજાનો કારમો પ્રહાર

# ગોઝારો શુક્રવાર 17ના મોત

## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રાતભર એક પછી એક મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે આવ્યાઃ વાહન અકસ્માત, આત્મહત્યા, દિલની દગાખોરી, બિમારી સહિતના અલગ અલગ કારણોસર સત્તર પરિવારોએ પોતાના આત્મજનને ગુમાવી દેતાં કાળો કલ્પાંત સર્જાયોઃ પોલીસ, તબિબોની ટીમ રાતભર કાર્યવાહીમાં વ્યસ્ત રહી

જન્મ લે તેમનું મૃત્યુ નિશ્ચીત હોય પણ ઓચીંતા પરલોકના તેડા પરિવાર પર કરી જાય છે વજ્રઘાત











રાજકોટઃ એ સનાતન સત્ય છે કે જે જન્મ લે તેનું મૃત્યુ નિશ્ચીત હોય છે. પરંતુ મૃત્યુ ક્યારે કેવી રીતે કયા સ્થળે આવશે તેનાથી કાળા માથાનો માનવી વાકેફ હોતો નથી. અપમૃત્યુની ઘટનાઓ સિવિલ અને ખાનગી હોસ્પિટલોમાં રોજબરોજ નોંધાતી રહે છે. પરંતુ શુક્રવારે તો જાણે યમરાજાએ યમદૂતોની આખી ટીમ રાજકોટમાં ઉતારી મુકી હોય તેમ એક જ રાતમાં સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે સત્તર મૃતદેહ એક પછી એક આવતાં ડોક્ટર અને તેમની ટીમે રાતથી લઈ સવાર સુધી પોસ્ટમોર્ટમ કર્યા હતાં. મૃતકોમાં કોઈએ આપઘાત કર્યો હતો તો કોઈને વાહન અકસ્માતની ઘાત ભરખી ગઈ હતી. કોઈને તેમના દિલ દગો આપી ગયા હતાં, તો કોઈની જિંદગીની સફરનો અંત બિમારીને કારણે આવી ગયો હતો. અલગ અલગ સત્તર લોકોના મૃત્યુને કારણે અલગ અલગ પોલીસ સ્ટેશનોની ટીમોની પણ રાતભર પીડીયુ સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યવાહી માટે દોડધામ રહી હતી. આ ઘટનાઓ મૃતકોના સ્વજનોને કારમો આઘાત આપી ગઈ હતી.

એક પછી એક ઘટનાની વિગતો પર નજર કરીએ તો એક યુવાને આપઘાત કરી લીધો હતો. જેમાં કુવાડવા રોડ પર ડી માર્ટ પાછળ વેલનાથપરા પાસે લોકમાન્ય તીલક ટાઉનશીપમાં એ વીંગમાં સાતમા માળે રહેતાં તેત્રીસ વર્ષના હરદેવભાઈ સુરેશભાઈ પરમારે સાતમા માળેથી છલાંગ મારી દેતાં ઘટનાસ્થળે જ મોત થયું હતું. ૧૦૮ના તબિબે તેને મૃત જાહેર કરતાં બી-ડિવીઝનના પીએસઆઈ એસ. એસ. શ્યોરાએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર હરદેવભાઈ ત્રણ ભાઈમાં વચેટ હતો. તેને સંતાનમાં એક પુત્ર છે. પોતે રિક્ષા હંકારી ગુજરાન ચલાવતો હતો. ગૃહકલેશને કારણે આ પગલુ ભર્યાનું પરિવારજનોએ કહ્યું હતું.

બીજા બનાવમાં રાજસ્થાનના બાડમેરના ડુંગરો કા તલા ખાતે રહેતાં પિસ્તાલીસ વર્ષના ટ્રકચાલક રૂખારામ ભીખારામ બેનીવાલને રાજકોટ ગોંડલ હાઈવે પર શાપર નજીક કિશાન પેટ્રોલ પંપ પાસે વાહન અકસ્માતમાં ઈજા થતાં ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોડી રાતે મોત થતાં શાપર પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતક ટ્રક ચાલક હતાં અને સંતાનમાં બે પુત્રી તથા એક પુત્ર છે. બનાવથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. ત્રીજી ઘટનામાં મોરબીમાં નવલખી રોડ કુબેરનગર-૧માં રહેતાં પાંસઠ વર્ષના જયંતિભાઈ છગનભાઈ ટાંક રાજકોટ વાલકેશ્વર સોસાયટી-૪માં રહેતાં દિકરી જાગૃતિબેન વિશાલભાઈ કાચાના ઘરે આંટો મારવા આવ્યા હોઈ સાંજે પોતાના પ્લેઝર ટુવ્હીલર પર બેસી પરત મોરબી જઈ રહ્યા હતાં ત્યારે કાગદડી પાસે વાહન સ્લીપ થઈ જતાં ગંભીર ઈજા થતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. મૃતક લેથમાં મજુરી કરતાં હતાં. સંતાનમાં બે પુત્રી છે. પોતે બે ભાઈ અને બે બહેનમાં નાના હતાં. અપમૃત્યુની ચોથી ઘટનામાં વઢવાણ રહેતાં બેતાલીસ વર્ષના હસીનાબેન યુસુફભાઈ પરમાર નામના મહિલા ફારૂકભાઈની રિક્ષામાં બેસીને જતાં હતાં ત્યારે લીંબડી અને અંકેવાડીયા વચ્ચે રિક્ષા પલ્ટી મારી જતાં ગંભીર ઈજા થતાં લીંબડી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ મૃત્યુ થયું હતું.

પાંચમા બનાવમાં પારેવડી ચોક સદ્દગુરૂધામ એપાર્ટમેન્ટમાં રહેતાં અને ગાયકવાડીમાં પણ રહેણાંક ધરાવતાં અઠાવન વર્ષના નીતીનભાઈ લક્ષ્મીદાસ કેસરીયા રાતે બેભાન થઈ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. તેઓ બારદાનના વેપારી હતાં. પાંચ ભાઈ અને એક બહેનમાં વચેટ હતાં. હાર્ટએટેક તેમના માટે જીવલેણ સાબીત થયો હતો.

છઠ્ઠા બનાવમાં કાલાવડ રોડ લક્ષ્મીના ઢોળા પર રહેતાં ત્રેપન વર્ષના મંજુબેન રમેશભાઈ પરમાર ઘરે એકાએક બેભાન થઈ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. તેઓ જલારામ હોટેલમાં વાસણ સફાઈનું કામ કરી પરિવારને મદદરૂ થતાં હતા. સંતાનમાં બે પુત્ર છે. પતિ રિક્ષા હંકારે છે. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું.

સાતમી ઘટના જામનગર રોડ સ્લમ ક્વાર્ટરમાં બની હતી. અહિ રહેતાં આરએમસીના નિવૃત કર્મચારી પંચાવન વર્ષના ધનજીભાઈ ગોવિંદભાઈ વાઘેલા રાતે સાડા દસેક વાગ્યે જામનગર રોડ ક્રાઈમ બ્રાંચ પોલીસ સ્ટેશન સામે કનૈયા હોટલ ખાતે ચા પીવા ઉભા હતાં ત્યારે ચા પીતાં પીતાં ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે મૃત જાહેર કર્યા હતાં. હાર્ટએટેક જીવલેણ નીવડ્યો હતો. તેઓ બે ભાઈ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. આઠમા બનાવમાં મોચીબજાર શ્રધ્ધાનંદ હરિજનવાસમાં રહેતાં અને છુટક મજૂરી કરતાં છેતાલીસ વર્ષના કમલેશભાઈ વિનુભાઈ સોલંકી બેભાન થઈ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત જાહેર કરાયા હતાં. તેમને પણ હાર્ટએટેક આવી ગયો હતો. તેઓ ચાર બહેન અને ત્રણ ભાઈમાં નાના હતાં.

રાતે મૃત્યુનો યથાવત રહેલો સીલસીલો અનેક પરિવારોને કારમો આઘાત આપી ગયો હતો. નવમા બનાવમાં ઘંટેશ્વર સનરાઈઝ પ્રાઈમ ખાતે રહેતાં ઓગણચાલીસ વર્ષના ભુમિકાબેન મેહુલભાઈ ઠાકર કેન્સરની બિમારીને લીધે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં દાલખ કરાયા હતાં. અહિ મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. તેમના પતિ સીએનસી ઓપરેટર તરીકે નોકરી કરે છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. યુનિવર્સિટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. દસમા બનાવમાં અગિયારમાં બનાવમાં પારેવડી ચોક ઈઝી બેકરી પાસે ગંગેશ્વર ચોકમાં રેહતાં મુળ બંગાળના બત્રીસ વર્ષના નઈમ હુશેનભાઈ ઓરકે નામના યુવાને લુંગી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં બી-ડિવીઝનના એએસઆઈ કે. વી. ગોહિલે જરૂરી કાર્યવાહી કરી હતી. મુળ બંગાળનો આ યુવાન કંપનીમાં મજૂરી કરતો હતો. કરૂણતા એ છે કે પંદર દિવસ પહેલા જ તેની શાદી થઈ હતી. બે દિવસથી તે ગુમસુમ રહેતો હતો અને આ પગલુ ભરી લીધુ હતું. આપઘાતનું કારણ બહાર આવ્યું નથી. અગીયારમી મૃત્યુની ઘટનામાં રૈયાધાર સરકારી શાળા સામે સ્લમ ક્વાર્ટરમાં રહેતાં ઓગણપચાસ વર્ષના વીણાબેન શૈલેષભાઈ ભટ્ટને કેન્સરની બિમારી હોઈ સારવાર માટે દાખલ રાયા હતાં. અહિ તેમનું મોડી રાતે મૃત્યુ થતાં તબિબે પોલીસ કેસ જાહેર કરતાં પોસ્ટમોર્ટમ કરાયું હતું. મૃતકના પતિ નિવૃત જીવન જીવે છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. જ્યારે અપમૃત્યુના બારમી ઘટનામાં કોઠારીયા તિરૂપતી સોસાયટી ૫/૧૦ના ખુણે પ્રણામી હોલ સામે રહેતાં છત્રીસ વર્ષના દયાબેન આશિષભાઈ સોલંકીને પ્રસુતિની પીડા ઉપડતાં હરિ ધવા રોડની આદિત્ય હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ રાતે તેમનું મૃત્યુ થયુ હતું. ભક્તિનગરના એએઅસાઈ વાય. સી. જરગેલાએ કાર્યવાહી કરી હતી. તેરમી ઘટનામાંકોઠારીયા બ્રહ્માણી હોલ પાછળ રાધેશ્યામ સોસાયટીમાં રહેતાં એંસી વર્ષના મણીબેન કુરજીભાઈ સખીયાએ માનસિક અસ્વસ્થતાને કારણે બે દિવસ પહેલા અગાસીએ સાડીનો ઢગલો કરી સળગાવી સળગતી સાડી પોતાના શરીરને અડાડતાં દાઝી ગયા હતાં. સારવારમાં આજે વહેલી સવારે મોત થયું હતું. આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતકને એક દિકરો અને બે દિકરી છે.

ચૌદમા બનાવમાં ગાંધીગ્રામ ૧૫૦ રીંગ રોડ પર લક્ષ્મીછાંયા સોસાયટી-૧માં રહેતાં સુરેશભાઈ મગનભાઈ વાળા નામના ચોપન વર્ષના પ્રૌઢ ઘરે બિમારીથી બેભાન થઈ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ રાતે મૃત્યુ થયું હતું. તેઓ પાંચ ભાઈ અને એક બહેનમાં નાના હતાં અને સિલાઈ કામ કરતાં હતાં. સંતાનમાં બે પુત્ર છે. પંદરમા બનાવમાં જય ખોડીયાર સોસાયટી પ્લોટ નં. ૯૦માં રહેતાં અઠાવન વર્ષના શોભનાબેન કિશોરભાઈ પરમાર ગોવર્ધન ચોક ૧૫૦ રીંગ રોડ પર તા. ૧૩ના રોજ મોટરસાઈકલના અકસ્માતમાં ઘાયલ થતાં ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થયું હતું. માલવીયાનગરના એએસઆઈ એચ. ટી. પરમારે કાર્યવાહી કરી હતી. મૃતકના પતિનું દસ મહિના પહેલા અવસાન થયું હતુ. સંતાનમાં બે પુત્રી છે. મૃતક શોભનાબેનના આંખ અને લીવરનું દાન કરી પરિવારજનોએ સ્તુત્ય કાર્ય કર્યુ હતું. સોળમી ઘટનામાં કોઠારીયા રોડ ઘનશ્યામનગરના સત્તાવન વર્ષના ઠાકરશીભાઈ ગોબરભાઈ ખસીયા રાતે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં. તેઓ ત્રણ બહેન અને ચાર ભાઈમાં મોટા હતાં. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજને જણાવ્યું હતું. જ્યારે અપમૃત્યુની સત્તરમી ઘટનામાં બેડી ચોકડી નજીક મેલડી માતાના મંદિર પાસે અજાણ્યા આશરે ૫૫ વર્ષના પ્રૌઢે લીમડાના ઝાડમાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં બી-ડિવીઝનના પીએસઆઈ એમ. એન. પીઠીયાએ જરૂરી કાર્યવાહી કરી હતી. આ પ્રૌઢની ઓળખ મેળવવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

આમ શુક્રાવાર જાણે ગોઝારો સાબિત થયો હતો, યમદૂતોએ જાણે હોસ્પિટલ ખાતે ડેરાતંબુ તાણી લીધા હોય તેમ એક પછી એક સત્તર લોકોએ અલગ અલગ કારણોસર જિંદગી ગુમાવતાં તેમના મૃતદેહોના પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યા હતાં. રાતભર અપમૃત્યુની ઘટનાને કારણે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઈન્સ. રામશીભાઈ વરૂ, તૌફિકભાઈ જુણાચ, ધર્મેન્દ્રભાઈ હુદડ, ભાવેશભાઈ મકવાણા સહિતે જે તે પોલીસ સ્ટેશનોમા નોંધ કરાવતાં ઈન્વેસ્ટીગેશન સ્ટાફના પીએસઆઈ હેડકોન્સ્ટેબલ, રાઈટરો આખી રાત દોડધામ કરતાં રહ્યા હતાં.

# મહિલા મેયરની ગરીમાનું હનન : નયનાબેન પેઢડીયા



## પ્રતિ કિલોમીટર રૂ.૧૦ લેખે ૩૫ હજારનું ચૂકવી દીધું છે બિલ : મેયર પદનો એક પણ જગ્યાએ નથી કર્યો ઉપયોગ

રાજકોટ, તા. ૧૪

હાલ સમગ્ર ભારત અને વિશ્વમાંથી શ્રદ્ધાળુઓ મહા કુંભમાં અમૃતસ્નાન કરવા આવી રહ્યા છે ત્યારે રાજકોટના પ્રથમ નાગરિક નયનાબેન પેઢીયા અને તેમના પતિ સાથે અન્ય તેમની બહેનપણીઓ સરકારી ગાડીમાં મહા કુંભમાં ગયા હતા જ્યાં સરકારી ગાડી પર કપડાં સુકાતા હોવાના ફોટો વાયરલ થતા મામલો દરમાયો ત્યારે ગઈકાલે મેયર નયનાબેન



પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે તેઓ મ્નિસિપલ કમિશનર પાસેથી પરવાનગી લઈને જ તેમની સરકારી ગાડીમાં પ્રયાગરાજ ગયા હતા એટલું જ નહીં તેઓએ જણાવ્યું કે જ્યારે જાવાનો કાર્યક્રમ બન્યો ત્યારે ખાનગી વાહનની પણ શોધ અને તપાસ કરવામાં આવી હતી પરંતુ ભારે ભીડ હોવાના કારણે એક પણ ખાનગી વાહન મળ્યું ન હતું જેના કારણે તેઓએ સરકારી ગાડીમાં જવાનો નિર્ણય લીધો. સાથોસાથ તેઓ જણાવ્યું હતું કે મેયર નહીં પરંતુ દેશ-વિદેશના રાજકીય આગેવાનો પણ અમૃત સ્નાન કરવા આવ્યા હતા ત્યારે જ્યારે જ્યારે રાજકોટના મેયર અમૃત સ્નાન કરવા જાય તો કેમ વિવાદ ઉભો થયો? તેઓએ જણાવ્યું હતું કે તેમના દ્વારા જે રકમની ભરપાઈ કરવામાં આવનાર હતી તે રકમ તેઓએ ચૂકવી દીધી છે પરંતુ જ્યારે તેઓ મહાકુંભમાં ગયા ત્યાર પછી જે રાજકોટ મહાનગરપાલિકામાં ₹૨ પ્રતિ કિલોમીટર ભાવની જે વાત આવી તે અત્યંત ગેર વ્યાજબી છે. અને આ મુદ્દાથી તેમની ગરીમાને ઘણી અસર પણ પહોંચી છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિગત નામ લીધા વગર જે ઘટના ઘટી તે ખરા અર્થમાં ન ઘટવી જોઈએ કારણકે અહીં મેયર તો ઠીક પરંતુ મહિલા મેયર ની છબીનો સવાલ છે અને જો આ અંગે તેઓને રજૂઆત કરવા માટે તક મળશે તો તે રજૂઆત પણ કરશે.

તેઓએ આક્ષેપક કરતા કહ્યું કે જ્યારે સરકારી ગાડી ઉપર કપડાં વગેરે સુકાવેલા હતા તે ફોટા પડ્યાની ત્વરિત સોશિયલ મીડિયામાં જે વાયરલ થયું તેની ગણતરીની મિનિટોમાં જ પ્રેસ કોન્ફરન્સ યોજાઈ ગઈ ક્યાંક ને ક્યાંક આ આયોજન બાદ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હોય તેવું જાણવા મળી રહ્યું છે તેવા મેયરે આંશિક આક્ષેપો પણ કર્યા હતા અને સતત એક વાતનું જ રટણ તેમના દ્વારા કરવામાં આવ્યું કે રાષ્ટ્રીય કક્ષાએ જો રજૂઆત કરવા મળશે તો આ અંગે સો ટકા રજૂઆત થશે જ કારણ કે અહીં મેયર પદની દૂર પરંતુ એક મહિલા તરીકેની ગરિમા પણ લોકો જાળવી શક્યા નથી.

વધુમાં પ્રથમ નાગરિકે જણાવ્યું કે પ્રતિ કિલોમીટર દીઠ ૧૦ રૂપિયા લેખે ૩૪,૦૦૦ રકમનું બિલ પણ તેમના દ્વારા ચૂકવી દેવામાં આવ્યું છે અને મહા કુંભની યાત્રા એક સામાન્ય યાત્રિક ની જેમ જ કરી છે જેમાં રહેવા જમવાના તમામ બિલો તેમના દ્વારા ચૂકવવામાં આવ્યા છે સાથો સાથ તેઓએ જણાવ્યું હતું કે, સરકારી સુવિધા નો કે મેયર તરીકેના હોદ્દા નો ફાયદો લીધો નથી પર્યાગરાજ ખાતે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા જે વ્યવસ્થા કરાઈ હતી ત્યાં જ તેઓ રોકાયા હતા અને દરેક બિલની ચૂકવણી કરી છે.

## પ્રતિ કિલોમીટર રૂ. ૨ની વાત કરી મહિલાની ગરીમાનું થયું હનન

કુંભ પ્રવાસ બાદ પરત આવેલા મેયર એ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પ્રતિ કિલોમીટર રૂપિયા બે લેખે ભાડું વસલવાની જે વાત હતી તેના બદલે પ્રતિ કિલોમીટર રૂપિયા ૧૦ વસૂલવાનો જે ઠરાવ છે તે મુજબ જ વસૂલવાનું હોય અને તે મુજબ જ તેમના દ્વારા ચુકવણી પણ કરવામાં આવી છે ત્યારે જે પણ વ્યક્તિએ ₹૨ લેખે વસૂલવાનું જાહેર કરીને જે બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે તે અસ્વીકાર્ય છે.